**આજનો સુવિચાર**

અમીર હોવા છતાં જેની ધનલાલસા ઓછી નથી થતી, તે સૌથી વધુ ગરીબ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૫૬ જૂનાગઢ તા.૧૪-૦૬-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 156, Junagadh : Date : 14 Jun, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## પ્રિયંકા ગાંધી વાયનાડથી ચૂંટણી લડશે : રાહુલ ગાંધીએ સંકેત આપ્યા

નવી દિલ્હી, તા.૧૪: કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી ચૂંટણીના સક્રીય રાજકારણમાં આવી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રિયંકા ગાંધી વાયનાડ બેઠક પરથી ચૂંટણી લડી શકે છે જે રાહુલ ગાંધીના રાજીનામા બાદ ખાલી પડનાર છે. રાહુલ ગાંધી ૧૮મી લોકસભાની ચૂંટણીમાં બે બેઠકો પરથી ચૂંટણી લડ્યા હતા. તેમણે કેરળની વાયનાડ અને ઉત્તર પ્રદેશની રાયબરેલી બેઠક બંને જીતી હતી. એવી ચર્ચા છે કે રાહુલ ગાંધી ઉત્તર પ્રદેશમાંથી જ લોકસભામાં પ્રતિનિધિત્વ કરશે. તેઓ વાયનાડ સીટ છોડવાના છે. આ બેઠક પર યોજાનારી પેટાચૂંટણીમાં પ્રિયંકા ગાંધી કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર બની શકે છે.

## શ્રીનગરમાં દાલ લેકનાં કિનારે વડાપ્રધાન મોદી યોગ દિવસ મનાવશે

નવી દિલ્હી, તા.૧૪: જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા એક સપ્તાહથી આતંકી હુમલાની સંખ્યામાં વધારો થયો છે. વૈષ્ણો દેવી પાસે શ્રદ્ધાળુઓથી ભરેલી બસ પર હુમલો કરવામાં આવ્યો હતો, ત્યારબાદ વધુ ત્રણ હુમલાઓ થયા હતા. આ આતંકી હુમલા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્થિતિની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠક પણ યોજી હતી. આ દરમિયાન એવા સમાચાર છે કે યોગ દિવસ એટલે કે ૨૧ જૂને શ્રીનગરના દાલ સરોવરના કિનારે યોજાનાર કાર્યક્રમમાં તેઓ ભાગ લેશે. જો કે, પીએમ તરીકે ત્રીજા કાર્યકાળની શરૂઆત કર્યા બાદ નરેન્દ્ર મોદીની આ પ્રથમ કાશ્મીર મુલાકાત હશે. પીએમ મોદીની મુલાકાત અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી બહાર આવી નથી.

## આગ્રામાં એક સાથે ૫૬ લાંચિયા પોલીસકર્મીને સસ્પેન્ડ કરાયા

આગ્રા તા. ૧૪ : યુપીના આગ્રામાં ૫૬ પોલીસકર્મીઓ સામે એક સાથે કાર્યવાહી કરવામાં આવી છે. ૫૬ પોલીસકર્મીઓને અનુશાસનહીનતા અને બેદરકારીના આરોપમાં સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આરોપ છે કે જેમાંના ઘણા પોલીસકર્મીઓએ પાસપોર્ટ વેરિફિકેશન માટે લાંચ માંગી હતી, તેની સાથે અન્ય કામોમાં પણ બેદરકારી દાખવી હતી. આ અંગે વ્યાપક ફરિયાદો મળતાં તપાસ હાથ ધરવામાં આવી હતી, ત્યારબાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

# નીટની પરીક્ષામાં ગેરરીતિ મામલે સીબીઆઈ તપાસની માંગણી : ૮ જુલાઈએ સુનાવણી

નવી દિલ્હી તા. ૧૪
નીટની પરીક્ષામાં થયેલા કથિત ગોટાળા અંગે દેશભરમાં ભારે હોબાળો મચી ગયો છે. નીટનાં પરીણામોએ દેશભરમાં ૨૪ લાખ વિદ્યાર્થીઓનાં ભાવિને અસર પહોંચાડી છે ત્યારે નીટની પરીક્ષામાં થયેલા ગોટાળા અંગે સીબીઆઈ તપાસની માંગણી કરતી અરજીને સુપ્રિમ કોર્ટે સુનાવણી માટે સ્વીકારી લીધી છે. તેમજ આ મામલે અલગ અલગ રાજયમાં થયેલી તમામ પીટીશનોને એક સાથે સંકલીત કરી સુપ્રિમ કોર્ટમાં ટ્રાન્સફર કરવા એનટીએ દ્વારા માંગણી કરવામાં આવી હતી જે અંગે સુપ્રિમ કોર્ટે તમામ પક્ષકારોને નોટીસ જારી કરી છે. હવે આ તમામ અરજીઓ પર ૮ જુલાઈએ સુનાવણી થશે. સુપ્રિમ કોર્ટે નેશનલ ટેસ્ટીંગ એજન્સી અને કેન્દ્ર સરકારને તેમનો જવાબ રજુ કરવા નોટીસ ફટકારી છે અને બે સપ્તાહમાં જવાબ આપવા જણાવ્યું છે. જો કે સુપ્રિમ કોર્ટે આજની સુનાવણીમાં ફરી એકવાર કાઉન્સેલીંગ અટકાવાનો ઈન્કાર કર્યો હતો.

નીટની પરીક્ષામાં ગેરરીતિ આચરવા અંગે ગુજરાતના ગોધરા અને બિહારનાં પટનામાં સઘન તપાસ થઈ રહી છે અને આ બંને મથકો પર શાળા સંચાલકોની મીલીભગતથી ગેરરીતિ આચરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. જયારે અરજદારો દ્વારા આ સમગ્ર પરીક્ષા રદ કરી નવેસરથી પરીક્ષા લેવા માંગણી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નીટની પરીક્ષામાં દેશભરમાંથી ૨૪ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં ૬૭ વિદ્યાર્થીઓને ૭૨૦ માંથી ૭૨૦ માર્કસ આવ્યા હતા જયારે એકજ સેન્ટરનાં ૬ વિદ્યાર્થીઓ ટોપર્સ બન્યા હતા. એટલું જ નહી એનટીએ દ્વારા ૧૫૬૩ વિદ્યાર્થીઓને ગ્રેસીંગ માર્કસ આપવામાં આવ્યા હતા જેનો ભારે વિરોધ થયો હતો જેને સુપ્રિમ કોર્ટમાં પડકારવામાં આવતા એનટીએ દ્વારા યુ-ટર્ન લઈને ગ્રેસીંગ માર્કસ આપેલ ૧૫૬૩ વિદ્યાર્થીઓનાં સ્કરોકાર્ડ રદ કરી નાખીને ૨૩ જુને પુર્નઃ પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે પરંતુ નીટનાં આ પગલા છતાં સમગ્ર પરીક્ષા પધ્ધતી સવાલનાં દાયરામાં આવી ગઈ છે ત્યારે આગળની તપાસમાં શું બહાર આવશે તે અંગે સમગ્ર દેશની મીટ મંડાયેલી છે.

દરમ્યાનમાં અહેવાલો મુજબ પેપરલીક મામલે પટના અને ગોધરામાં તપાસ એજન્સીઓને સબુત હાથ લાગ્યા છે. પટના અને ગોધરામાં અનુક્રમે ૧૨ અને પાંચ આરોપીઓને ધરપકડ કરવામાં આવી છે અને હજુ પણ કેટલીક ધરપકડો થઈ શકે છે. આ બે પરીક્ષા કેન્દ્રો ઉપરાંત અન્ય સેન્ટરોમાં પણ ગેરરીતિ થઈ હોવાનો વિદ્યાર્થી અરજદારોનાં વકીલો સુપ્રિમ કોર્ટમાં રજુઆત કરી છે જેની તપાસ થવી જોઈએ.

જો કે બીજી તરફ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને એવું નિવેદન આપ્યું હતું કે, **NEET** પરીક્ષામાં કોઈપણ પ્રકારની હેરાફેરી, ભ્રષ્ટાચાર અથવા પેપર લીકના કોઈ નક્કર પુરાવા હજુ સુધી સામે આવ્યા નથી. પેપર ક્યાંય લીક થયું નથી. તેમણે કહયું કે **NTA**માં ભ્રષ્ટાચારનો સવાલ જ નથી.

# દેશનાં સક્રિય રોકાણકારોમાં રાજકોટ, સુરત, અમદાવાદનો ડંકો : ટોપ-૧૦માં સમાવેશ

અમદાવાદ,તા.૧૪
હાલમાં ભારતીય શેરબજારનો સુવર્ણકાળ ચાલી રહ્યો છે અને કેટલાક વખતથી સેન્સેકસ-નિફટી નવી-નવી ઉંચાઈ બનાવી રહ્યા છે.રીટેઈલ ઈન્વેસ્ટરોની સંખ્યામાં પણ રેકોર્ડબ્રેક વધારો થઈ રહ્યો છે ત્યારે એનો રસપ્રદ આંકડાકીય રીપોર્ટ જાહેર થયો છે કે એકટીવ ઈન્વેસ્ટરો ધરાવતા દેશનાં ટોપ-૧૦ શહેરોમાં રાજકોટ સહીત ગુજરાતનાં ત્રણ શહેરોનો સમાવેશ થાય છે.

નેશનલ સ્ટોક એકસચેંજનાં રીપોર્ટમાં એમ જાહેર થયુ છે કે ગત એપ્રિલમાં ઈન્વેસ્ટરોની સંખ્યામા વૃધ્ધિદરમાં રાજકોટ સમગ્ર દેશમાં અવ્વલ રહ્યું હતુ.આ મહિનામાં રાજકોટમાં એકટીવ ઈન્વેસ્ટરોની સંખ્યામાં ૧૭ ટકાનો વધારો થયો હતો. જયારે ટર્ન ઓવરની દ્રષ્ટિએ અમદાવાદ મેદાન મારી ગયુ હતું ૬૩૦૦૦ કરોડના ટર્નઓવર સાથે ગુજરાતમાં પ્રથમ અને દેશલેવલે ત્રીજા સ્થાને રહ્યું હતુ આ રીપોર્ટ પરથી ભારતીય શેરબજારમાં ગુજરાતનો સિંહફાળો હોવાનું સાબીત થાય છે.

એપ્રિલ ૨૦૨૪ માં અમદાવાદમાં ૪.૧૦ લાખ યુનિક ઈન્વેસ્ટરો હતા જેઓ મહિનામાં ઓછામાં ઓછુ એક વખત શેરબજારમાં ટ્રેડીંગ હતું. સુરતમાં આવા ઈન્વેસ્ટરોની સંખ્યા ૨.૯૬ લાખ તથા રાજકોટમાં ૧.૬ લાખની હતી.

ગત મહિને દેશનાં તમામ જીલ્લાઓમાં મહિનામાં ઓછામાં ઓછુ એક વખત ટ્રેડીંગ કરનારા ઈન્વેસ્ટરોની સંખ્યામાં વધારો થયો હતો. માસીક ધોરણે ૪.૬ ટકાનો વધારો નોંધાયો હતો અને ઈન્વેસ્ટરોની કુલ સંખ્યા ૪.૪ લાખ થઈ હતી. એકટીવ ઈન્વેસ્ટરોની કુલ સંખ્યામાં ૧૦.૫ લાખની સંખ્યા સાથે મુંબઈ ટોચ પર યથાવત રહ્યું હતું.

# ૨૦૩૦ સુધીમાં દેશની ૫૦ ટકા વસ્તી મધ્યમવર્ગની હશે

મુંબઈ, તા.૧૪:
વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશનો મધ્યમ વર્ગ વસ્તીના લગભગ ૩૦ ટકાથી વધીને ૫૦ ટકા થવાની ધારણા છે, જે ગ્રાહક વર્ગમાં વધારો કરશે, જે એક વિશાળ તક છે. ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સના ચેરમેન એન ચંદ્રશેખરને વાર્ષિક સામાન્ય સભામાં શેરધારકોને આ માહિતી આપી હતી.

તેમણે વધુમાં કહ્યું કે આ સિવાય યુવા વસ્તી, ઝડપી શહેરીકરણ, વધતી નિકાલજોગ આવક અને વધતી આકાંક્ષાઓ ભારતમાં સમગ્ર **FMCG** ક્ષેત્ર માટે સારા સંકેતો છે. ભારતનું ગ્રાહક બજાર વસ્તી, વધતા મધ્યમ વર્ગ, ઝડપી શહેરીકરણ, વધતી નિકાલજોગ આવક અને વધતી આકાંક્ષાઓ દ્વારા સંચાલિત લાંબા ગાળાની માળખાકીય તકો રજૂ કરે છે.

# કુવૈતથી ૪૫ ભારતીયોનાં મૃતદેહોને લઈને એરફોર્સનું વિમાન કોચી પહોંચ્યું

નવી દિલ્હી તા. ૧૪
ભારતીય વાયુસેનાનું એક વિશેષ વિમાન કુવૈતના મંગાફમાં લાગેલી ભીષણ આગમાં મૃત્યુ પામેલા ૪૫ ભારતીયોના મૃતદેહોને લઈને ભારત પહોંચ્યું છે. તે કેરળના કોચી એરપોર્ટ પર લેન્ડ થયું, કારણ કે સૌથી વધુ ૨૩ મૃતકો કેરળના હતા. ત્યારબાદ વિમાન દિલ્હી જશે. મૃત્યુ પામેલા અન્ય ૨૨ લોકોમાં તામિલનાડુના ૭, આંધ્રપ્રદેશ-ઉત્તર પ્રદેશના ૩-૩ અને બિહાર, ઓડિશા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઝારખંડ, હરિયાણા, પંજાબ અને પશ્ચિમ બંગાળના ૧-૧નો સમાવેશ થાય છે. એક મૃતક કયા રાજયનો હતો તે બહાર આવ્યું નથી.

અકસ્માત બાદ ભારતના વિદેશ રાજયમંત્રી કીર્તિ વર્ધન સિંહ કુવૈત ગયા હતા. તેઓએ પાંચ હોસ્પિટલોની મુલાકાત લીધી જ્યાં ઘાયલ ભારતીયોની સારવાર કરવામાં આવી રહી હતી. કીર્તિવર્ધન સિંહ આજે એ જ વિમાનમાં પરત ફર્યા છે જે વિમાન દ્વારા મૃતદેહો લાવવામાં આવ્યા હતા. ૧૨ જૂને કુવૈતના માંગાફ શહેરમાં એક બિલ્ડિંગમાં લાગેલી આગમાં ૪૯ લોકોના મોત થયા હતા, જ્યારે ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. જેમાંથી ૪૮ મૃતદેહોની ઓળખ ડીએનએ ટેસ્ટ દ્વારા કરવામાં આવી હતી, જેમાંથી ૪૫ ભારતીયો અને ૩ ફિલિપાઈન્સના હોવાનું જાણવા મળ્યું હતું.

# યમનનાં હુથી બળવાખોરોએ ૨૪ કલાકમાં ત્રણ જહાજો પર હુમલો કર્યો

યમન તા.૧૪ : ગાઝામાં થઈ રહેલા ઈઝરાયેલના હુમલાથી મધ્યપુર્વનાં દેશોમાં વ્યાપક રોષ છે તે આ હુમલાનું કારણ અમેરિકાને માને છે જેથી યમનના હુથી વિદ્રોહીઓ અદનની ખાડીમાં વ્યાપારી જહાજો પર હુમલા કરી રહ્યા છે જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ જહાજોને નિશાન બનાવવામાં આવ્યા છે. અમેરિકા, બ્રિટન સહિત અને દેશો ચેતવણી આપી ચૂકયા છે તેમ છતાં હુતી વિદ્રોહીના હુમલા ચાલુ જ છે. હુથીઓએ બે ક્રુઝ મિસાઈલોથી હુમલા કરી એક માલવાહક જહાજને ક્ષતિગ્રસ્ત બનાવી દીધું હતું. હુથી વિદ્રોહીઓએ છેલ્લા ૨૪ કલાકમાં ૩ જહાજોને નિશાન બનાવ્યા હતા. હુથીઓએ કહ્યું હતુ કે ગાઝામાં થતા હુમલાનો આ જવાબ છે.

### "ભગવાન રામનો ન્યાય વિચિત્ર નથી સત્ય છે"

# ભાજપ અહંકારી અને વિપક્ષ રામ વિરોધી છે : આરએસએસ



જયપુર તા. ૧૪ : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતા ઈન્દ્રેશ કુમારે લોકસભા ચૂંટણીના પરિણામો પર વધુ મોટું નિવેદન આપ્યું છે. તેમણે સત્તાધારી ભાજપને 'અહંકારી' અને વિપક્ષ ઈન્ડીયા બ્લોકને 'રામ વિરોધી' ગણાવ્યા છે. ઈન્દ્રેશ કુમારે કહ્યું, રામ દરેક સાથે ન્યાય કરે છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પર નજર નાખો. જેઓ રામની પૂજા કરતા હતા, પરંતુ ધીમે ધીમે તેમનામાં અહંકારનો વિકાસ થતો ગયો. એ પાર્ટીને સૌથી મોટી પાર્ટી બનાવી. પરંતુ તેને જે સંપૂર્ણ અધિકાર મળવો જોઈએ, જે શકિત મળવી જોઈતી હતી તે ભગવાને તેના અહંકારને કારણે અટકાવી દીધી.

ઈન્દ્રેશ કુમારે વધુમાં કહ્યું કે રામનો વિરોધ કરનારાઓને કોઈ સત્તા આપવામાં આવી નથી. તેમાંથી કોઈને સત્તા આપી નથી. સાથે મળીને પણ તેઓ નંબર-૧ બન્યા નથી. નંબર-૨ પર રહી ગયા. તેથી ભગવાનનો ન્યાય વિચિત્ર નથી સત્ય છે જે ખૂબ જ આનંદદાયક છે. ઈન્દ્રેશ કુમાર જયપુર નજીક કનોટા ખાતે 'રામરથ અયોધ્યા યાત્રા દર્શન પૂજન સમારોહ'ને સંબોધિત કરી રહ્યા હતા. ઈન્દ્રેશ આરએસએસના રાષ્ટ્રીય કાર્યકારી સભ્ય પણ છે. જોકે, તેમણે પોતાના નિવેદનમાં કોઈ પક્ષનું નામ લીધું નથી. પણ તેનો ઈશારો સ્પષ્ટપણે પક્ષ-વિપક્ષ તરફ સંકેત આપતો હતો.

ભાજપનો ઉલ્લેખ કરતાં ઈન્દ્રેશે કહ્યું, જે પાર્ટી (ભાજપ) (ભગવાન રામ પ્રત્યે) ભકિત ધરાવતી હતી પરંતુ અહંકારી બની ગઈ હતી, તેને ૨૪૧ પર રોકી દેવામાં આવી હતી, પરંતુ તેને સૌથી મોટી પાર્ટી બનાવવામાં આવી હતી. તેમણે સ્પષ્ટપણે ઈન્ડીયા બ્લોકનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જેમને રામમાં વિશ્વાસ નથી, તેઓને મળીને ૨૩૪ પર રોકી દેવામાં આવ્યા હતા. તેમણે વધુમાં કહ્યું કે, લોકશાહીમાં રામરાજયનું બંધારણ જુઓ, જેઓ રામની પૂજા કરતા હતા પરંતુ ધીમે ધીમે અહંકારી બની ગયા હતા, તે પાર્ટી સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી હતી, પરંતુ તેમને જે વોટ અને સત્તા મળવા જોઈતી હતી તે તેમના ઘમંડના કારણે ભગવાને બંધ કરી દીધી હતી.

તેમણે કહયું કે, ઈશ્વરનો ન્યાય સાચો અને આનંદદાયક છે. તેમણે કહ્યું, જે લોકો રામની પૂજા કરે છે તેઓ નમ્ર હોવા જોઈએ અને જે લોકો રામનો વિરોધ કરે છે, ભગવાન પોતે તેમની સાથે વ્યવહાર કરે છે.


છેલ્લા ૩ દિવસ......
બોમ્બે બજાર શો-રૂમ બંધ કરવાનો હોવાથી
સ્ટોક કલીયર કરવા સબબ
દરેક સ્કૂલ યુનિફોર્મ તેમજ કાપડ
વાઈટ, એપ્રોન વાઈટ ઝબ્બા
આલ્ફા સ્કૂલ, કાલરીયા સ્કૂલ અને નોબલ સ્કૂલનાં યુનિફોર્મ અડધા ભાવમાં
પાણીનાં ભાવમાં રૂા. ૫૦૦ની આઈટમ
ફકત રૂા. ૧૫૦/માં
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
જેનિલ શોપીંગ સેન્ટર - જૂનાગઢ
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

ધો.૧૨ પછી શું ?
ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્મેન્ટ-સંચાલિત
ડિપ્લોમાં કોર્ષ
સેનેટરી ઈન્સ્પેકટર
: મળવાપાત્રક તક :
નગરપાલિકા, મહાનગરપાલિકા, સરકારી હોસ્પીટલ, પોર્ટ, એરપોર્ટમાં નોકરીની વિશાળ તક.
જીએસપી સ્કૂલ
સરકારી ગોડાઉન પાછળ, સિંધી સોસાયટી રોડ, ગાંધીગ્રામ, જૂનાગઢ. ફોન : ૨૮૫-૨૬૫૩૪૭૦
મો. ૮૮૬૬૨ ૬૨૬૫૬

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો







તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


સી. સી. પડદાવાળા
● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કેર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ
પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે
તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન


ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

મધુરમ સ્કૂલ
એડિમશન ઓપન...


પ્રાપ્ત થતી સુવિધાઓ :
- નવા વર્ષથી નવી શિક્ષણની નીતિ
- જવાહર નવોદય પ્રવેશ પરીક્ષા પધ્ધતિ અને GPSC પરિક્ષાઓની પધ્ધતિથી અપાતુ શિક્ષણ
- તમામ વિષયોમાં અનુભવી શિક્ષકો દ્વારા ડિજીટલ કલાસરૂમમાં અપાતુ શિક્ષણ
- પહેલા ધોરણથી જ વિશાળ કોમ્પ્યુટર લેબમાં અપાતુ શિક્ષણ
- દર અઠવાડિયે લેવાતી વિકલી ટેસ્ટ, બેઝિક ટેસ્ટ, સરપ્રાઈઝ ટેસ્ટ.
- શાળાના સમય સિવાયના સમય એકસ્ટ્રા બેચનુ આયોજન કરી નબળા વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષણનું આયોજન
- ૧ કલાસરૂમમાં ૨ શિક્ષકો દ્વારા અપાતું વ્યકિતગત નિરક્ષણ
- અનુભવી ૪૦ થી વધારે શિક્ષકો દ્વારા અપાતું શિક્ષણ
- વિજ્ઞાન ક્ષેત્રમાં નવા વર્ષથી સાયન્સ લેબનું આયોજન
- મહિનામાં ૫ અને એક વર્ષમાં ૬૦ થી વધુ પ્રોજેકટ અને એકિટીવીટી
- સી.સી.ટીવી દ્વારા સતત નિરીક્ષણ
- ખુબ જ મર્યાદિત સંખ્યામાં એડમીશન બાકી રહેતા વહેલા તે પહેલાના ધોરણે આપના બાળકનું એડમીશન મેળવી લેવુ.
- આવો આપના બાળકોને મેધાવી - તેજસ્વી - યશસ્વી બનાવીએ.
જુલાય વાડા, જૂનાગઢ.
મો. ૯૭૧૪૫ ૬૩૨૬૮ / ૭૦૧૬૩ ૪૭૧૧૨

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો




# દિવ્યા દેશમુખે વિશ્વ જુનિયર ચેસ ચેમ્પિયનશિપ ૨૦૨૪ જીતી




(પ્રતિનિધી દ્વારા)

અમદાવાદ તા.૧૪

ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશન દ્વારા ગિફ્ટ સિટી ખાતે આયોજિત વિશ્વ જુનિયર ચેસ ચેમ્પિયનશિપ ૨૦૨૪માં દિવ્યા દેશમુખ વિજેતા બની. ઓપન કેટેગરીમાં કઝાકિસ્તાનના નોગેરબેક કાઝીબેકે ખિતાબ જીત્યો હતો. પુરસ્કાર વિતરણ સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને FIDEના પ્રમુખ શ્રી અર્કાડી ડ્વોર્કોવિચ ઉપસ્થિત રહ્યા હતા. આ ચેમ્પિયનશિપમાં ૪૬ દેશોની ભાગીદારી જોવા મળી હતી અને સમગ્ર ભારતમાંથી ૨૨૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમાં યુવા પ્રતિભાશાળી ચેસના વિવિધ અને સ્પર્ધાત્મક ક્ષેત્રનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.


ભૂપેન્દ્રભાઈ પટેલ ની હાજરીથી આ કાર્યક્રમની પ્રતિષ્ઠામાં વધારો થયો હતો અને યુવા રમતગમત પ્રતિભાઓને ઓળખવા અને પ્રોત્સાહન આપવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, "ગુજરાતમાં આવા પ્રતિષ્ઠિત કાર્યક્રમનું આયોજન કરવા બદલ અમે અત્યંત ગર્વ અનુભવીએ છીએ. આ યુવા ખેલાડીઓની સફળતા બધા માટે પ્રેરણા છે, જે સખત મહેનત, વ્યૂહાત્મક વિચારસરણી અને સમર્પણનું મહત્વ દર્શાવે છે. દિવ્યા દેશમુખ અને નોગેરબેક કાઝીબેકને તેમની નોંધપાત્ર સિદ્ધિઓ બદલ અભિનંદન. તેમની જીત ચેસના ઉજ્જવળ ભવિષ્ય અને આ રમતમાંથી ઉભરી રહેલી વૈશ્વિક પ્રતિભાને પ્રકાશિત કરે છે. કઝાકિસ્તાનના નોગેરબેક કાઝીબેકે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અસાધારણ પ્રતિભા અને વ્યૂહાત્મક ? દર્શાવીને ઓપન કેટેગરીમાં વિજય મેળવ્યો હતો. તેણે ૧૧ માંથી ૮ ૧/૨ પોઈન્ટ મેળવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય પ્રતિભાની આ પૃષ્ઠભૂમિ સામે, દિવ્યા દેશમુખે પોતાની અપ્રતિમ કુશળતા અને દ્રઢ નિશ્ચયથી પોતાને પ્રતિષ્ઠિત કર્યા, આખરે ૧૧માંથી ૧૦ મેચ જીતી અને વિશ્વ જુનિયર ચેસ ચેમ્પિયનનો પ્રતિષ્ઠિત ખિતાબ જીત્યો. તેણીની જીત માત્ર તેણીના વ્યક્તિગત કૌશલ્યનું પ્રતીક નથી પરંતુ વૈશ્વિક ચેસ ક્ષેત્રમાં ભારતના વધતા પ્રભાવને પણ પ્રકાશિત કરે છે. ૪૬ દેશોનું પ્રતિનિધિત્વ કરતા સહભાગીઓના વિવિધ પૂલ અને ભારતના વિવિધ પ્રદેશોના ૨૨૮ ખેલાડીઓની ઉત્સાહી ભાગીદારીએ ચેસ પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે સાચા અર્થમાં આંતરરાષ્ટ્રીય અને સમાવિષ્ટ મંચ તરીકે ચેમ્પિયનશિપની સ્થિતિને રેખાંકિત કરી હતી. સમગ્ર ટુર્નામેન્ટમાં પ્રદર્શિત મિત્રતા અને રમતગમતની ભાવના ચેસની સાર્વત્રિક અપીલ અને એકીકૃત શક્તિને પ્રતિબિંબિત કરે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દિવ્યા દેશમુખના અનુકરણીય પ્રદર્શનની પ્રશંસા કરી હતી અને ગુજરાતમાં રમતગમતના વિકાસ અને યુવા સશક્તિકરણને ટેકો આપવા માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે તમામ સહભાગીઓ દ્વારા દર્શાવવામાં આવેલી સ્પર્ધાત્મક ભાવનાની પ્રશંસા કરી હતી અને સફળ અને સર્વસમાવેશક ચેમ્પિયનશિપનું આયોજન કરવા બદલ ગુજરાત રાજ્ય ચેસ સંગઠનની પ્રશંસા કરી હતી. પુરસ્કાર વિતરણ સમારોહમાં એફઆઈડીઈના પ્રમુખ શ્રી આર્કેડી ડ્વોર્કોવિચની હાજરીએ ચેમ્પિયનશિપની વૈશ્વિક માન્યતા અને ચેસની દુનિયામાં તેના મહત્વ પર વધુ પ્રકાશ પાડ્યો હતો.

વિશ્વ જુનિયર ચેસ ચેમ્પિયનશિપમાં દિવ્યા દેશમુખની જીત, ૪૬ દેશોના સહભાગીઓ અને સમગ્ર ભારતના ૨૨૮ ખેલાડીઓના વિવિધ ક્ષેત્રો વચ્ચે, ચેસની દુનિયાને વ્યાખ્યાયિત કરતી દ્રઢતા, ઉત્કૃષ્ટતા અને સમાવિષ્ટતાની ભાવનાનું ઉદાહરણ છે. તેમની સફળતા યુવા મહત્વાકાંક્ષી ચેસ ખેલાડીઓ માટે પ્રેરણા તરીકે કામ કરે છે અને આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતીય રમત પ્રતિભાની અમર્યાદિત ક્ષમતાને રેખાંકિત કરે છે.

## કલ્યાણપુરના રાવલ ગામે જુગારના ધમધમતા અખાડા પર એલસીબી પોલીસ ત્રાટકી : રૂા.૩.૬૭ લાખના મુદ્દામાલ સાથે છ શખ્સો ઝડપાયા



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૪

કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે ગતરાત્રિના એલ.સી.બી. પોલીસે જુગાર દરોડો પાડી અને એક આસામી દ્વારા ચલાવતા જુગારના અડ્ડામાંથી છ શખ્સોને ઝડપી લઈ, વાહનો સહિત કુલ રૂપિયા ૩.૬૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ કલ્યાણપુર પંથકમાં એલસીબી પોલીસ દ્વારા ગતરાત્રિના સમયે હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. મશરીભાઈ ભારવાડીયા, ભરતભાઈ જમોડ તથા લાખાભાઈ પીંડારીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે રાવલ ગામે રહેતા પરબત રણમલ મોઢવાડિયા નામના શખ્સ દ્વારા આંબાવાડી સીમ નજીક આવેલા પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવીને જુગાર રમાડવામાં આવતો હોવાથી આ સ્થળે દરોડો પાડવામાં આવ્યો હતો.

અહીં રહેલા પરબત રણમલ મોઢવાડિયા, અરભમ વેજા કારાવદરા, રણમલ જીવણા જામ, કારા માલદે હરિયાણી, દેશુર જેસા પિંડારિયા અને પરબત લખમણ મોઢવાડિયા નામના છ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા.

ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસે કુલ રૂપિયા ૧,૧૧,૬૦૦ રોકડા, રૂ. ૩૫,૫૦૦ ની કિંમતના છ નંગ મોબાઈલ ફોન, રૂ. ૨૫,૦૦૦ ની કિંમતનું એક મોટરસાયકલ તેમજ રૂપિયા બે લાખની કિંમતની એક મોટરકાર મળી કુલ રૂ. ૩,૬૭,૧૦૦ નો મુદ્દામાલ કબજે કરી, આ અંગે એલસીબીના પી.એસ.આઈ. આકાશ બારસિયા દ્વારા આરોપીઓની અટકાયત કરી, કલ્યાણપુર પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સિંગરખીયાની સૂચના મુજબ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, એ.એલ. બારસીયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી કાંબલીયા, મસરીભાઈ, ભરતભાઈ, લાખાભાઈ, દિનેશભાઈ, વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

## વિસાવદરના માંડાવડ ચોકડીએ અકસ્માત નિવારવા સર્કલ મુકવાની કામગીરી કરાઈ

(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૧૪

ટિમ ગબ્બર ગુજરાતના સ્થાપક એડવોકેટ કાંતિ એચ ગજેરા તથા વિસાવદરના સ્થાનીક એડવોકેટ નયનભાઈ જોશીદ્વારાવિસાવદર-બીલખા રોડ ઉપર આવેલ માંડાવડ ચોકડી પાસે ત્રણ રસ્તા ભેગા થાય છે તે ચોકડી વાળી જગ્યાએ અકસ્માત નિવારવા માટે સર્કલ બનાવવા તથા સ્ટ્રીટ લાઈટનો થાંભલો ઉભો કરી લાઈટ ચાલુ કરાવવી સરકારમાં અવારનવાર રજૂઆતો કરેલી હતી જે રજુઆત આખરે સરકારે સ્વીકારી અને વિસાવદરથી જુનાગઢ જતો રોડ તથા વિસાવદરથી બગસરા અમરેલી જતો રોડ આવેલ છે ત્યાં ત્રણ રસ્તા ભેગા થતા હોય અવારનવાર અકસ્માત ના બનાવો બનતા હોય અને આ રોડ તાજેતરમાં નવો બનાવવામાં આવેલ હોય આ રોડ નવો બનેલ હોવાથી કોઈપણ વાહન સ્પીડથી આવતું હોય તે સમજી શકાય તેવી બાબત હોય જેથી વાહનચાલકને સર્કલ હોવા અંગેની જાણ થાય અને સર્કલ અને સ્ટ્રીટ લાઈટનો થાંભલો ઉભો કરી લાઈટ ચાલુ હોવાના કારણે વાહનનું સંતુલન જાળવી શકે અને વાહનની સ્પીડ ઓછી કરી શકે અને અકસ્માત અટકી શકે આ બાબતે તાત્કાલિક લોકોની માંગણી દયાને લઈને સર્કલ મુકવા અને સ્ટ્રીટ લાઈટનો થાંભલો ઉભો કરી લાઈટ ચાલુ કરાવવા ટિમ ગબ્બરે માંગણી કરેલ હતી હાલ માડાવડ ચોકડીએ આ કામગીરી ચાલુ થતા લોકોમાં આનંદ વ્યાપી ગયેલ હોવાનું ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદર ના એડવોકેટ નયનભાઈ જોશીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## સીબીઆઈએ રૂા.૧.૧૦ લાખની લાંચ લેતા EPFOના અમલ અધિકારી સહિત ત્રણ આરોપીઓને પકડ્યા

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૪

સીબીઆઈએ એક એન્ફોર્સમેન્ટ ઓફિસર, EPFO, જામનગર (ગુજરાત) સહિત ત્રણ આરોપીઓને કન્સલ્ટન્ટ/વચેટિયા અને તેના પુત્ર સહિત રૂ. ૧.૧૦ લાખની લાંચ સ્વીકારતી વખતે પકડ્યા છે, જ્યારે EPF સંબંધિત મુદ્દાઓ માટે માંગણી કરવામાં આવી હતી. CBIએ ફરિયાદના આધારે આરોપી એન્ફોર્સમેન્ટ ઓફિસર, EPFO, જામનગર અને મીઠાપુર, દેવભૂમિ દ્વારકા (ગુજરાત)માં કન્સલ્ટન્ટ સામે કેસ નોંધ્યો હતો.

એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આરોપીઓએ મીઠાપુર ખાતેની ખાનગી કંપનીને અકુશળ મજૂરીના સપ્લાયમાં રોકાયેલા ફરિયાદીની પેઢીને લગતા પેન્ડિંગ EPF સંબંધિત મુદ્દાઓ માટે લાંચની રકમની માંગણી કરી હતી. સીબીઆઈએ છટકું ગોઠવ્યું અને એન્ફોર્સમેન્ટ ઓફિસર, EPFO, જામનગરને કન્સલ્ટન્ટ/મિડલમેન અને મીઠાપુર સ્થિત કન્સલ્ટન્ટના પુત્ર દ્વારા ફરિયાદીની પેઢીના ભાગીદાર પાસેથી રૂ. ૧.૧૦ લાખની ગેરકાયદેસર પ્રસન્નતા સ્વીકારતી વખતે પકડવામાં આવ્યા હતા, જેઓ પણ પકડાયા હતા.

દેવભૂમિ દ્વારકા, જામનગર અને રાજકોટના વિવિધ સ્થળોએ આરોપીઓના આંગણે સર્ચ કરવામાં આવી રહ્યું છે. તપાસ ચાલુ છે.


## જૂનાગઢમાંથી રૂા. ૧૫ હજારનાં એસીની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢનાં પંચેશ્વર રોડ પર આવેલ નેહા ટ્રેડર્સમાં ભારત સંચાર નીગમ લીમીટેડ કંપની તરફથી લગાવવામાં આવેલ એસી યુનીટ ઈન્ડોર તથા આઉટડોર જેની કિંમત રૂા. ૧૫ હજાર ગણાય છે તેની ચોરી થયાની અરવીંદભાઈ ખાંભલાએ ફરીયાદ નોંધાવતાં એ ડીવીઝનનાં પીએસઆઈ ઓ.આઈ. સીદીએ વધુ તપાસ હાથ ધરી છે.

## ઉનાળુ વેકેશનમાં ૧૩.૫૧ લાખ લોકોએ દ્વારકાધીશ મંદિરના દર્શન કર્યા



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૪

યાત્રાધામ દ્વારકા ખાતે ચાલું ઉનાળાના વેકેશન દરમ્યાન એક માસ તા,૧૦/૫/૨૦૨૪ થી ૧૨/૬/૨૪ સુધી શ્રી દ્વારકાધીશ મંદિર દ્વારકા ખાતે દેશ વિદેશ થી અંદાજીત ૧૩,૫૫૦૦૦(તેર લાખ પંચાવન હજાર) ભક્તોએ કાળિયા ઠાકોરના દર્શનો લાભ લિધો હોવાનું દેવસ્થાન સમીતી દ્વારા જાહેર કરાયું છે. ઉલ્લેખીયન છેકે હાલ ગિષ્મ ત્રૂંતું ચાલી રહી હોવાથી વારદાર પુજારી દ્વારા કાળિયા ઠાકોરને દરરોજ સાંજે જુદા જુદા પુષ્પ શણગાર સાથે અન્કોટ મનોરથ પણ યોજવામાં આવે છે. આજે ગુરૂવારે શ્રીજીના ઉત્થાપન સમયે અન્કુટ મનોરથ દર્શન યોજાયા હતા. તે દર્શનો પણ મોટી સંખ્યા ભાવિકોએ લાભ લીધો હતો.

## રાજકોટનાં ગેમ અગ્નિકાંડ મુદે કોંગ્રેસનું બંધનું એલાન કેટલે અંશે વ્યાજબી ?

(ગોરધન પાઘડાર દ્વારા)

રાજકોટ તા. ૧૪

રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ મામલે આજે આવેલા મહત્વનાં સમાચારમાં અગ્નિકાંડ મુદે રાજકોટ કોગ્રેસે રાજકોટ બંધનુંએલાન આપેલ છે. અને છેલ્લે સુધી કાનુની લડત આપવાની ચીમકી ઉચ્ચારી છે. અરે ભાઈ અત્યાર સુધી તમે કયાં ગયા હતાં ? શું કોઈ કોંગ્રેસના મોટા માથાઓ કે તેમના પરીવારનાં કે પછી સગા સંબંધી, સગાવ્હાલાઓ આ ગેમઝોનનો મફત કે પછી નાણા ચુકવીને કેટલી વખત આનંદ લુટયો છે ? મતલબ તેઓને અગ્નિકાંડ પછી જ ખબર પડી કે આ બધું ગેરકાનુની હતું ? આંદોલન કે બંધનું એલાન કરનારા કોંગ્રેસીઓને એ પણ ખબર છે કે ગુજરાતની વડી અદાલત પ્રથમથી જ આ મુદે અતિ ગંભીર છે. મતલબ કે આ કાંડ પાછળ જે જે જવાબદારો હશે તે તમામને વડી અદાલતનાં કઠેરામાં ઉભા જોવા અત્યંત આતુર છે તે પણ કોંગ્રેસ જાણે છે. છતાં આવા નાટકો કરી બંધનું એલાન આપી રાજકોટની નિર્દોષ જનતાને બાનમાં લેવાનું કે પછી સામાન્ય જનજીવનને અસર કરે તેવો કાયદો અને વ્યવસ્થાનો અસરકર્તા પગલા ભરવાનું કેટલું નૈતિક છે ? આ બધા જ પ્રશ્ન કાનુની તજજ્ઞોને અત્યારે મુંજવી રહયા છે. એટલું જ નહીં કોંગ્રેસનાં આ પગલાની જનતામાં પણ એટલી જ ટીકા સાથે કહેવાય રહયું છે કે ભાઈ માંકડને હવે મોઢું આવ્યું કે શું ? મોદીનું ૪૦૦ પ્લસનું સ્વપ્ન રોળાઈ ગયું છે તેમાં ગુજરાતનાં કોંગ્રેસીઓનું યોગદાન કેટલું ? કદાચ એટલે સંદર્ભમાં આવું બોલાઈ રહયું હોય ! જે હોય તે પણ બનાવ બન્યો તે દિવસે જ જાહેર રજા હોવા છતાં અદાલતમાં સુઓ મોટો દાખલ કરી ગુજરાત સરકારને નોટીસ ફટકારીને ન્યાયીક પ્રક્રિયા ગુજરાતની વડી અદાલતે હાથ ધર્યા પછી કોંગ્રેસનું આ નાટક કેટલે અંશે કાનુની છે ? હજુ સુધી આ ન્યાયીક પ્રક્રિયામાં સચોટ પુરાવા સાથે પક્ષકાર બનવા કોઈ કોંગ્રેસી આગેવાનો વડી અદાલતમાં માંગણી કરી છે ખરી ? કે પછી આ અગ્નિકાંડનાં જે કોઈ જવાબદાર હોય તેના ગળાનો કાનુની ગાળીયો વધુ મજબુત બને તેવા કેટલા કાનુની પુરાવાઓ રાજકોટનાં કોંગ્રેસીઓએ એકઠા કર્યા છે ખરા ? ખરેખર આ જવાબદારોને સખ્તમાં સખ્ત કાનુની સજા માટે કોઈ બંધ કે એવા રાજકીય કાર્યક્રમોની નહી પણ સચોટ પુરાવાઓની જરૂર છે તેવું કાનુની તજજ્ઞોનું માનવું છે.

## સાસરીયા સામે જૂનાગઢની પરીણીતાની દુઃખ-ત્રાસની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢનાં ટીંબાવાડી ખાતે રહેતા મેહુલાબેન રાજેશભાઈ રાઠોડે તેમનાં સાસરીયા રાજેશભાઈ રાઠોડ, રસીકભાઈ રાઠોડ, ચંપાબેન રાઠોડ, જેઠાણી કાજલબેન રાઠોડ રહે. જેતપુર તાલુકાનાં પાંચપીપળા સામે પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદી બહેનને તેમનાં પતિ, સાસુ, સસરા, જેઠાણીએ કહેલ કે તારા પપ્પાએ અમને લગ્નમાં સારૂ જમાડયું નથી અને અમારી પાસેથી જાજા પૈસા લઈ લીધા છે. અને ફરીયાદીને ઘરમાં કામકાજની નાની નાની વાતોમાં તું ઢીલી છે અને સરખુ કામ કરતી નથી, આવડતું નથી તેમ કહી ફરીયાદીને સંતાનમાં ત્રણ દિકરીઓ હોય અને દિકરો ન હોય જેથી દિકરા બાબતે પણ મેણાટોણા બોલી ફરીયાદીને તેના પતિ તથા સાસુ, સસરાએ મારકુટ કરી ભુંડી ગાળો બોલી શારીરીક માનસીક દુઃખ ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરીયાદ નોંધાવતાં મહીલા પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ જે.જે. માઢકેવધુતપાસ હાથ ધરી છે.

### આમીરના દીકરા જુનૈદને લોન્ચ કરતી ફિલ્મ 'મહારાજ'ની રિલીઝ ઉપર હાઈકોર્ટનો સ્ટે


અમદાવાદ તા.૧૪

આમીર ખાનના દીકરા જુનૈદની લોન્ચિંગ ફિલ્મ 'મહારાજ'ની નેટફિલક્સ પરની રિલીઝ પર હાઈકોર્ટ દ્વારા સ્ટે આપવામાં આવ્યો છે. હાઈકોર્ટના સ્ટે સાથે નેટફિલક્સ ઉપરાંત યશરાજ ફિલ્મ્સ જેવા બોલિવુડના મોટા બેનરને મોટો ફટકો પડ્યો છે. હિન્દુઓ અને એમાંય ખાસ કરીને વૈષ્ણવો કે જે પુષ્ટિમાર્ગ સંપ્રદાયના અનુયાયીઓ હોય છે, તેમની લાગણી આ ફિલ્મથી દુભાવતી હોવાના દાવા સાથે હાઈકોર્ટમાં આઠેક અરજદારોએ રિટ પિટિશન કરી હતી. જે રિટની પ્રાથમિક સુનાવણી બાદ જસ્ટિસ સંગીતા વિષેને ફિલ્મની રિલીઝ પર સ્ટે આપ્યો છે. ઉલ્લેખનીય છે કે ૧૪મી જૂને નેટફિલક્સ પર આ ફિલ્મ રિલીઝ થવાની હતી. પરંતુ હવે હાઈકોર્ટે આગામી ૧૮મી જુન સુધી રિલીઝ પર સ્ટે આપી દીધો છે. આ મામલે આઠ પિટિશનરોનું પ્રતિનિધિત્વ સિનિયર એડવોકેટ મિહિર જોશી, એડવોકેટ કેયુર ગાંધી અને ગાંધી લો એસોસિએટ્સના કુણાલ વ્યાસ (પાર્ટનર) અને એડવોકેટ દેવર્ષ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. ભગવાન કૃષ્ણના ભક્તો અને વલ્લભાચાર્યના અનુયાયીઓ વતી દાખલ કરાયેલી અરજીમાં પુષ્ટિમાર્ગ સંપ્રદાય તરફથી એવા આક્ષેપ કરવામાં આવ્યા છે કે દેખીતી રીતે 'મહારાજ બદનક્ષી કેસ ૧૮૬૨' પર આધારિત આ ફિલ્મ જાહેર વ્યવસ્થાને અસર કરે તેવી શક્યતા છે.

### સદગુરુના આશ્રમમાં સામંથાએ ધ્યાન અને ગૌ-સેવાનો લાભ લીધો

## સાંસદ બન્યા પછી કંગનાએ સદગુરુના આશીર્વાદ લીધાં

### હિમાચલ પ્રદેશના મંડી ખાતેથી સાંસદ બન્યાં પછી કંગનાએ કોઈમ્બતુર આશ્રમની મુલાકાતના ફોટોગ્રાફસ સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા



મુંબઈ, તા.૧૪

ચૂંટણીમાં પ્રથમ વખત ઝંપલાવનારી કંગના રણોતને મતદારોએ સંસદસભ્ય બનાવી દીધી છે. સાંસદ બન્યાં પછી કંગનાએ કોઈમ્બતુર ખાતે આવેલા ઈશા ફાઉન્ડેશનની મુલાકાત લીધી હતી અને આધ્યાત્મિક માર્ગદર્શક સદગુરુના આશીર્વાદ મેળવ્યા હતા. હિમાચલ પ્રદેશના મંડી ખાતેથી સાંસદ બન્યાં પછી કંગનાએ કોઈમ્બતોર આશ્રમની મુલાકાતના ફોટોગ્રાફસ સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા. કંગના રણોતને મંડી લોકસભા બેઠક પર જંગી બહુમતીથી વિજય મળ્યો હતો. કોંગ્રેસના ઉમેદવાર અને દિગ્ગજ નેતા વિક્રમાદિત્ય સિંગને કંગનાએ ૭૪,૭૫૫ મતે પરાજય આપ્યો હતો. પોતાના વિજય સંદર્ભે કંગનાએ જણાવ્યું હતું કે, માતૃભૂમિએ તેને પરત બોલાવી છે. ચૂંટણીના પ્રચારમાં પૂરતો સમય આપી શકાય તે માટે કંગનાએ આગામી ફિલ્મ ઈમરજન્સીની રિલીઝ પોસ્ટપોન કરી હતી. પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીના જીવન આદારિત આ ફિલ્મમાં કંગનાએ લીડ રોલ ઉપરાંત ડાયરેક્ટર અને પ્રોડ્યુસર તરીકે પણ જવાબદારી નિભાવી છે. ચૂંટણીમાં વિજય મળે તો કંગનાએ એક્ટિંગમાંથી નિવૃત્તિ લેવાનું એલાન અગાઉ કર્યું હતું. હાથ પરના પ્રોજેક્ટ પૂરા કર્યા પછી કંગના સમગ્ર ફોકસ પોલિટિકલ કરિયર પર કરશે. પાછલાં ઘણાં સમયથી સામંથા રૂથ પ્રભુ અંગત કારણોસર ચર્ચામાં રહે છે. નાગા ચૈતન્ય સાથે ડાઈવોર્સ પછી સામંથાનું નામ એક કો-સ્ટાર સાથે જોડાયું હતુ. સામંથાએ આ પ્રકારની અફવાઓ પર ધ્યાન આપવાના બદલે શારીરિક અને માનસિક રીતે મજબૂતી મેળવવા પ્રયાસ હાથ ધર્યા છે. માયોસિટીસની સારવાર માટે લાંબો સમય વિદેશમાં રહ્યા બાદ સામંથા હવે માનસિક સ્વાસ્થ્ય પર ધ્યાન આપી રહી છે. સામંથાએ સદગુરુના આશ્રમમાં ધ્યાન, ગૌસેવા અને સંકિર્તનનો લાભ લીધો હતો. સામંથાએ પોસ્ટમાં જણાવ્યું હતું કે, આપણામાંથી ઘણાં લોકો ગુરુ અથવા માર્ગદર્શકની શોધમાં ભટકતા હોય છે. યોગ્ય ગુરુ મળી જાય ત્યારે જીવનમાં ઉજાસ પથરાય છે.

## ધામળેજના વિષ્ણેશ્વર મંદિર ખાતે વિવિધ કાર્યક્રમ યોજાયા



પ્રાચી તીર્થ તા.૧૪

ધામળેજ ગામ ખાતે આવેલ વિષ્ણેશ્વર મહાદેવના મંદિર ના પાટોત્સવ નિમિત્તે બાળકોને બટુક ભોજન તથા સત્યનારાયણ ભગવાનની કથા રાખવામાં આવી હતી તથા રાત્રે સંતવાણી નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો દર વર્ષેની જેમ આ વર્ષે પણ સત્યનારાયણની કથા બાદ સાંજના સમયે બાળકોને બટુક ભોજન કરાવ્યું હતું અને રાત્રિના ૯:૩૦ કલાકે ભવ્ય સંતવાણી ભજન પણ યોજાયો હતો આ પ્રસંગ નિમિત્તે ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

(તસ્વીર : જાદવ ચુડાસમા)

# જૂનાગઢમાં રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા આદિ કવી નરસૈયા રચિત પદ, ભજન, પ્રભાતિયા ગાનનો કાર્યક્રમ યોજાયો

## સંસ્કૃતિ, કલા, સાહિત્ય, સંગીતને પ્રાધાન્ય આપવામાં આવે તે શહેરમા વાદવિવાદ ઓછા થાય છે, ત્યાં લોકોના સમજણ અને બુદ્ધિ વધતી હોય છે, હકારાત્મક અને સકારાત્મક વિચારોનું થાય છે સિંચન



જૂનાગઢ, તા. ૧૪

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીનાં આર્થિક સહયોગથી સાજન ટ્રસ્ટ રાજકોટ દ્વારા જૂનાગઢ શહેરની લોઢીયાવાડી ખાતે અખિલ બ્રહ્માંડમાં એક શ્રી તુ હરી શિર્ષક તળે આદિ કવી નરસિંહ મહેતાનાં પદો, ભજનો, પ્રભાતિયાનો સાહિત્યીક વિશિષ્ટ કાર્યક્રમ ચાપરડા શૈક્ષણિક ધામનાં સંતશ્રી મુક્તાનંદ બાપુનાં અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મકતાનંદબાપુએ અધ્યક્ષીય ઉદબોધનમાં જણાવ્યુ હતુ કે ભક્તકવિ નરસિંહ મહેતા બહુપ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા, એના અનેક પાસાઓ આપણે જોઈ શકીએ છીએ. નરસિંહમહેતા ભક્તિમાર્ગનાં ઉપાસક બની ઈશ્વરની આરાધના કરી હતી. સદગૃહસ્થ, દાયીત્વ નિભાવનારા વ્યક્તિત્વનાં માલીક પણ હતા. એમણે પરંપરાઓનું નિર્વહન પણ કર્યુ છે. પિતાશ્રીનું શ્રાધ્ધ હોય, કે પછી દિકરી કુવરબાઈનાં લગ્ન હોય કે પછી પારિવારીક જવાબદારીઓનું વહન કર્યુ છે. તેમણે ભક્તિમાર્ગમાં હોવા છતાં બાકીની જવાબદારીઓથી પલાયનવાદ ક્યારેય સ્વીકાર્યો નથી. એમનું દાંપત્ય જીવન પણ પવિત્ર રહ્યુ છે. એમની ધીરજની પણ પરાકાષ્ઠા કેદારો ગીરવે મુક્યો તે છોડાવતી વેળાએ જોલવા મળે છે. નરસિંહ ભોળાનાથનાં પણ ઉપાસક રહી કૃષ્ણભક્તિમાં ઓતપ્રોત રહ્યા છે.

પુ. મુક્તનંદબાપુએ નરસીંહ રચિત પદો અને રચનાઓની વાત કરતાં જણાવ્યુ હતુ કે શૃંગાર, શાંત, અદભૂત, વીર, હાસ્ય અને ક્યાંક કરુણ રસ જોવા મળે છે. જેવો કાવ્યનો વિષય, પ્રસંગ, ઘટના કે બનાવ એવી એની રસસૃષ્ટિ જોવા મળે છે. શૃંગાર અને શાંત એ નરસિંહનાં કાવ્યમાં પ્રધાન રસ તરીકે ઉપસતા જોઈ શકાય છે, અમુક રચનાઓમાં ચમત્કારનાં બનાવોનો નિર્દેશ એ અદભૂત રસ છે, આકાશમાંથી ચાંદલિયો તોડી લાવવો અને કૃષ્ણનાં તોફાનો જેવા બીજા પ્રસંગોમાં વીરરસ છે, ગૃહત્યાગથી માંડીને કૃષ્ણ કે શિવ-શંકર-પાર્વતીનાં દર્શન દુર્લભ થતાં ભક્તનાં મનોભાવ વ્યથિત થાય, એની વ્યથા યા વિષાદ યા વિરહ એ વિપ્રલંભ શૃંગારનાં તો ઈશ્વરનાં મિલનયોગનાં નિર્દેશોમાં શૃંગાર જોવા મળે છે. એનાં વિષય, એનાં ભાવ, પ્રસંગો, રસકલા કે રસબોધ એમનાં પદોમાંનાં આત્મકથાત્મક, રાસલીલા, અપાર ઈશ્વર શ્રધ્ધા, કૃષ્ણપ્રીતિનાં કાવ્યો, જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યની કવિતાઓ, વાત્સલ્યપ્રીતિ યા શૃંગારપ્રીતિનાં કાવ્યો, આત્માથી માંડીને અધ્યાત્મનાં નિર્દેશ કરતાં પદોમાં ભાવાનુરુપ પક્ષ જોવા મળે છે. રાજ્ય સરકારનાં સાહિત્ય અકાદમી દ્વારા આ પ્રકારનાં કાર્યક્રમો લોકોનાં હદયમાં સાહીત્ય રસને સદૈવ જીવંત રાખે છે.

કાર્યક્રમનાં ઉદઘાટક ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો. (ડો) ચેતન ત્રિવેદીએ પ્રાસંગિક ઉદબોધનમાં ઉપસ્થિત સહિત્યરસીક શ્રોતાઓને સંબોધતા જણાવ્યુ હતુ કે જે શહેરની અંદર સંસ્કૃતિ, કલા, સાહિત્ય, સંગીતને પ્રાધાન્ય આપવામાં આવે તે શહેરમા વાદવિવાદ ઓછા થાય છે, ત્યાં લોકોના સમજણ અને બુદ્ધિ વધતી હોય છે, હકારાત્મક અને સકારાત્મક વિચારોનું સિંચન થતું હોય છે, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા નિયમિતપણે આ પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. અમારી નેમ છે કે આવનારા દિવસોમાં કલાક્ષેત્રે કામ કરતા કલામર્મીઓને ભક્ત કવિ નરસિંહ મહેતા જીવનકવન એમ્બેસેડર તરીકે ઓળખવાની વાત કરવામાં આવશે, નિરંજનભાઈ રાજયગુરુને ભજનની દુનિયામાં ખેડેલ પ્રદાનને યાદ કરીને ડો. ચેતન ત્રિવેદી એ જણાવ્યું હતું કે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી યુ.જી.સી.ના નવા નિયમોને ધ્યાને રાખીને નિરંજનભાઈ રાજયગુરુને પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ બનાવવાની નેમ છે, ભક્ત કવિ નરસિંહ મહેતાએ આજથી ૬૦૦ વર્ષ પહેલાં સામાજિક સમરસતાની જ્યોત જલાવી હતી, જે આજે પણ ભવનાથ તળેટીએ જતા જાણે નરસિંહ મહેતાની કરતાલ પ્રતીતિ કરાવી જતી હોય એવું ભાસે છે. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કાર્યક્ષેત્રિય વિસ્તારમાં અભ્યાસોત્સુક વિદ્યાર્થીઓની નરસિંહ મહેતા યુનિવર્સિટી પરત્વે રસની વાત કરતા ડો.ત્રિવેદીએ જણાવ્યું હતું કે તાજેતરમાં ધોરણ ૧૨ ની લેવાયેલી પરીક્ષામાં શ્રેષ્ઠતમ ગુણ હાંસલ કરનાર એક વિદ્યાર્થીએ જીકાસ પોર્ટલ ઉપર નરસિંહ મહેતા યુનિવર્સિટીમા અભ્યાસ કરવાની ઉત્સુકતા દાખવી છે,આ વાતની પ્રતીતિ એ કરાવી જાય છે કે નરસિંહ મહેતા યુનિવર્સિટી ગુજરાતની શ્રેષ્ઠ યુનિવર્સિટી પૈકીની એક યુનિવર્સિટી હોવાનું વિદ્યાર્થીઓના માનસ પર પ્રતિબિંબિત થયું છે. આવનારા દિવસમાં યુનિવર્સિટી શ્રેષ્ઠતમ અભ્યાસક્રમો સાથે ગુજરાતની આદર્શ અને ઉચ્ચ ગુણવત્તા યુક્ત શિરમોર યુનિવર્સિટી બની રહેશે.

આ પ્રસંગે ઉપસ્થિત જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ ઔપચારિક વાત દરમ્યાન જણાવ્યું હતું કે, ગુજરાતી સાહિત્યનાં 'આદિકવિ' તરીકે ખ્યાત નરસિંહ મહેતા રસકવિ. ભક્તકવિ, જ્ઞાનમાર્ગીકવિ અને શૃંગારરસની સાથોસાથ સિધ્ધરસનો કવિ છે. મહેતાજીની ભક્તિની ગુજરાતી કાવ્યગંગાની ગંગોત્રી છે'. હાર, હૂંડી, મામેરૂ, પિતાનું શ્રાધ્ધ અને શામળશાનો વિવાહ એ એમની આત્મલક્ષી રચનાઓ છે, 'આત્મવૃત્તનાં પદો', 'કૃષ્ણ-બાળલીલાનાં પદો', 'રાસ-લીલાનાં પદો', 'ગોપી-ભક્તિનાં પદો', 'ભક્તિબોધનાં પદો' અને 'તત્વદર્શનનાં પદો' આજેય લોકહદયમાં એટલાજ ગવાય છે. કાર્યક્રમનાં પ્રારંભે. સાજન ટ્રસ્ટનાં ચેતનભાઈ ટાંકે કાર્યક્રમમાં પધારેલ સાહિત્યમર્મી શ્રોતાજનો અને અતિથીઓને આવકારી જણાવ્યુ હતુ કે 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ',શિર્ષક તળે શ્રી ભક્તકવિ નરસિંહનાંપદો, ભજનો, પ્રભાતિયાનો સાહિત્યીક વિશિષ્ટ કાર્યક્રમ જૂનાગઢની સુજ્ઞ જનતા માટે સંભારણું બની રહેશે. ગણવંત ચુડાસમાં સંકલીત નરસિંહનાં પ્રભાતિયા ભજન અને પદોનું સાહિત્યીક શૃંગાર કાર્યક્રમની ગરીમા વધારશે. આ કાર્યક્રમમાં સંદિપ પ્રજાપતિ, ઉર્વશી પંડ્યા, અને અનિલ પટેલનાં સ્વરોમાં ગવાયેલ પદો 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા', 'જળ કમળ છાંડી જાને બાળા', 'જાગીને જોવું તો જગત દીસે નહી', 'રાતરહે જાહરે', 'પઢોરે પોપટ રાજા રામનાં', 'સુખ દુઃખ મનમાં ન આણીએ', 'ભૂતળ ભક્તિ પદારથ મોટું', 'નારાયણનું નામ જ લેતા', 'નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો તે જ હું શબ્દ બોલે', 'નાનું સરખું ગોકળિયું મારું વ્હાલે વૈકુંઠ કીધું રેપ'પદોને ઓર્ગનનાં માણીગર મનિષ જોષી, બેન્જોવાદક વિક્રમ સોલંકી, અકટોપેડ પ્લેયર કલ્પેશ કાચા,ઢોલકનાં બાદશાહ જીજ્ઞેશ ગૌસ્વામી, અને તબલાનાં નાદને વહેવડાવનાર મિલન પંડ્યાએ સંગીતનો સુર પુરાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ધારા બુધ્ધે સંભાળ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંકલન સપ્તક સંગીત શાળાનાં વિપુલ ત્રિવેદીની સહાયતા સાથે ચેતન ટાંકે સંભાળ્યુ હતુ. આ કાર્યક્રમમાં જૂનાગઢનાં પ્રબુધ્ધ નગરજનો અને સાહિત્ય સંગીત પ્રેમી શ્રોતાજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટની શિવ હોસ્પીટલમાં ઘુંટીમાંથી કપાયેલ પગનું સફળતાપૂર્વક ફરીથી પ્રત્યારોપણ કરાયું

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૪

નાગેડી - જામનગરની એક કંપનીમાં બપોરે ૩:૩૦ વાગ્યે સોન દેવ નિરંજન યુવકને કામ દરમ્યાન ગંભીર અકસ્માત સર્જાયો હતો. ત્યાં મશીનમાં એક વાયર ફસાઈ ગયેલ અને તે વાયરમાં તેમનો પગ ફસાઈ ગયેલ હતો. જેના લીધે વાયરમાં પગ ફસાવાથી સોન દેવનો પગ એડી પાસેથી કપાઈ ગયેલ અને ગંભીર ઈજા થયેલ. ત્યારબાદ તેમને જામનગર ખાતે જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. સૌરાષ્ટ્ર-કચ્છમાં પ્રથમ વખત જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ થયા બાદ સારવાર માટે પગ બચી શકે તેમ લાગતુ નથી તેવુ જણાવતા હાયર સેન્ટરમાં રીફર કરવાનું જણાવેલ. ત્યાંથી શિવ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. ત્યાંથી પગ બચી શકશે નહિ તેમ જણાવતા સોન દેવ નિરંજન યુવકના પગને પ્રોટોકોલ પ્રમાણે બરાબર રીતે સાચવી આઈસ બોક્સમાં બરાબર પેક કરી પાણી ના જાય તેમજ જંતુ રહિત ગોઠવાઈ તે રીતે શિવ હોસ્પિટલ, ૧૫૦ ફિટ રિંગ રોડ, રાજકોટ ખાતે કપાયેલ પગને અને દર્દીને લાવવામાં આવેલ. ત્યારબાદ દર્દીને તાત્કાલિક ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવેલ. આ એક ખુબ જ જટીલ અને ગંભીર પ્રકારનું ઓપરેશન હતું કે જેમાં સુપરસ્પેશિયાલિસ્ટ તજજ્ઞો, અદ્યતન સુવિધા ધરાવતું ઓપરેશન થિયેટર અને સાધનો, આઈ.સી.યુ.ની સગવડતા, ક્રિટીકલ કેરના સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોની જરૂરિયાત હોય છે જે શિવ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે.

દર્દીને સાંજે ૭ :૩૦ વાગ્યે ઓપરેશન થિયેટરમાં લઈ અને બે ટીમો દ્વારા ઓપરેશન શરૂ કરાયું હતું. જેમાં ડો. ભૌમિક ભાયાણી, ડો. ભાવેશ સચદે, ડો. એમ.જી. ભાલોડીયા અને ડો. રાજેશ જાની સામેલ હતા. એક ટીમે કપાયેલા પગમાંથી લોહીની અને ચેતાની નસો તથા **Tendons**ના છેડા શોધી કાઢ્યા હતા અને બીજી ટીમે ઉપરના ભાગે પગમાંથી લોહીની અને ચેતાની નસો તથા **Tendons**ના છેડા શોધી રાખ્યા હતા. હવે સૌપ્રથમ હાડકાને જોડવાનું કામ પૂરૂ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ ક્રમશઃ લોહીની નસો કે જેમાં ધમની અને શીરા તથા ચેતાની નસો એકબીજાને જોડે રીપેર **(Anastomosis)** કરવામાં આવેલ. આ એક જટીલ માઈક્રોસ્કોપિક સર્જરી હતી. ૧૦ કલાકની મહેનત બાદ દર્દીના ઘૂંટીનું સફળતાપૂર્વક પ્રત્યારોપણ થઈ ગયું હતું. ત્યારબાદ એક અઠવાડિયું દર્દીને આઈ.સી.યુ.માં રાખેલ. કારણ કે ઘામાં ચેપ લાગવાનું જોખમ તથા જો **Toxins** નીકળે તો દર્દીને જીવનું જોખમ પણ થઈ શકે અથવા પ્રત્યારોપીક અંગ કાળું પડી જાય તેવી શક્યતા પણ રહેલી હોય છે. હાલ ઓપરેશનને ૧૮ દિવસ થયેલ અને દર્દીનો ઘૂંટીથી નીચેનો પગ સફળતાપૂર્વક પ્રત્યારોપણ થઈ ગયેલ છે. આ ઓપરેશન દરમ્યાન શિવ હોસ્પિટલના એનેસ્થેટિક ડો.સુમિત ચાવડા, ડો.મયુર સંતોકી અને ડો. ભાવિક ઘેટીયા, ક્રિટીકલ કેર સ્પેશિયાલિસ્ટ ડો.ધ્રુવ કોટેચા તથા જેન્સી ચૌહાણ, તથા સ્ટાફએ જહેમત ઉઠાવી હતી.

આ પ્રકારના કેસમાં દર્દીના પગને બચાવવાના ચાન્સ ખુબ જ નહિવત સમાન હોય છે પરંતુ શિવ હોસ્પિટલની ટીમે આ ઓપરેશન સફળતાપૂર્વક પર પાડયું હતું. ત્યારબાદ ઓપરેશનના બીજા જ દિવસે સોન દેવને પોતાનો પગ કાપવામાં ન આવેલ અને સફળતાપૂર્વક ઓપરેશન થઈ ગયેલ જોતા જ તેમની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા હતા. શિવ હોસ્પિટલનાં ખ્યાતનામ ડિરેકટરો સિનીયર ઓર્થોપેડિક સર્જન ડૉ. શ્યામ ગોહિલ, ડો.કે.પી. તરાવીયા, ડો.સી.પી. રબારા, ડો.રાજેશ જાની તથા જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડો.હિરેન કોઠારી, ડો.ભાવેશ સચદે અને સ્પાઈન સર્જન ડો.અમીષ સંઘવી દ્વારા શરૂ કરવામાં આવેલ શિવ હોસ્પિટલ સૌરાષ્ટ્ર - કચ્છનાં દર્દીઓ માટે એક જ જગ્યાએ તમામ ઓર્થોપેડિક સારવાર મળી રહે તે માટેની શરૂ કરેલ. શિવ હોસ્પિટલમાં ઓર્થોપેડિક સારવારની સાથે સાથે ફિઝિશિયન - ડો.ઉમેશ વાઘેલા, ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ અને ઈન્ટેન્સિવીસ્ટ - ડો.ધ્રુવ કોટેચા, ડો.અંજના વાઢેર, મોઢા તથા જડબાના કેન્સરનાં સર્જન - ડો.કામીલ રાજપરી, રૂમેટોલોજીસ્ટ - ડો.મોહનીશ પટેલ, ઓથોસ્કોપી સર્જન - ડો.કૌશલ પટેલ અને ડો. નીલ ગોહિલ, સ્પાઈન સર્જન - ડો.અમીષ સંઘવી, ન્યુરો સર્જન- ડો. નિધીકુમાર પટેલ, જનરલ સર્જન અને લેપ્રોસ્કોપીક સર્જન - ડો. જયદેવ ગોંડલીયા અને ડો.ધર્મેશ શાહ, પ્લા પ્લાસ્ટીક સર્જન - ડો.ભૌમીક ભાયાણી, એમ.જી. ભાલોડીયા, પલ્મોનોલોજીસ્ટ -ડો.યશ રાણા, પીડીયાટ્રીક ઓર્થોપેડિક સર્જન - ડો.કમલેશ દેવમૂરારી, ઓર્થોપેડિક ઓક્રો સર્જન- ડો.મયુર કામાણી પણ ઉપલબ્ધ છે. દર્દીઓને ઉતમ સારવાર મળી રહે તે માટે હોસ્પિટલમાં અદ્યતન મશીનો, કલાસ ૧૦૦ ઓપરેશન થિયેટર, હોસ્પિટલનો કુશળ અનુભવી સ્ટાફ અને દરેક નાની કે મોટી ઉંમરનાં દર્દીઓને ધ્યાનમાં રાખીને સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. તેમજ હોસ્પિટલનાં ખ્યાતનામ સિનીયર ડોકટર દ્વારા ટોટલ સર્જરી ૪૦૦૦થી વધુ, ટોટલ ઓ.પી.ડી. ૪૦૦૦૦થી વધુ, ટોટલ આઈ.પી.ડી. ૪૦૦૦થી વધુ અને કોવિડ પેશન્ટ ૧૫૦થી વધુને સેવા આપી ચુકયા છે. આ ઉપરાંત સાંધા બદલવા કે જટીલ સર્જરી માટે અદ્યતન સાધનો અને સારવાર પ્રક્રિયાઓ જેવી કે ઈમરજન્સી મેનેજમેન્ટ, આઈ.સી.યુ. એમ્બયુલન્સની સુવિધા, સીટી સ્કેન અને લેબોરેટરી વગેરે ઉપલબ્ધ છે. તદુપરાંત નાની તેમજ મોટી કોર્પોરેટ કંપની સાથે ટાઈઅપ કરી દરેક દર્દીઓ માટે કેશલેશ ફેસીલીટી ઉપલબ્ધ છે. તેમજ કોર્પોરેટ કંપનીઓ સાથે કર્મચારીઓને નજીવા કે ડિસ્કાઉન્ટ દરે સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે. શિવ હોસ્પિટલે એક વર્ષથી ટુંકા ગાળાનાં સમયમાં સૌરાષ્ટ્રમાં સૌથી ઝડપી **NABH** સર્ટીફીકેટ પ્રાપ્ત કરેલ છે.



### તા. ૧૬ જુનથી ૧૫ ઓક્ટોબર સુધી

# ગીર અભયારણ્ય ખાતેનું ગીર ઈકો ટુરીઝમ ઝોન બંધ રાખવામાં આવશે

## પ્રવાસીઓ માટે દેવળીયા સફારી પાર્ક ખુલ્લુ રહેશે

જૂનાગઢ, તા.૧૪

આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને આગામી તા.૧૬ જૂનથી૪ માસ માટે ગીર અભયારણ્ય ખાતેનું ગિર ઈકો ટુરિઝમ ઝોન (નિયત કરેલ રૂટ ઉપર) બંધ રાખવામાં આવશે. તારીખ ૧૬ જુન ૨૦૨૪ થી ૧૫ ઓકટોબર ૨૦૨૪ સુધી મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવેલ છે. આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી વન વિભાગ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, પ્રવાસીઓ માટે ગીર પરિચય ખંડ દેવળીયા (દેવળીયા સફારી પાર્ક) ખુલ્લુ રહેશે. આ સફારી પાર્કની મુલાકાત લેતા પ્રવાસીઓ ઓફિસિયલ વેબસાઈટ **(https://girlion. gujarat. gov.in)** ઉપરથી ઓનલાઈન બુકિંગ પણ કરી શકશે. તેમ સાસણ ગીરના વન્યપ્રાણી વિભાગ નાયબ વન સંરક્ષકની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ખેડૂતોએ પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિના ૧૭માં હપ્તાનો લાભ મેળવવા આ કરવું અનિવાર્ય

જૂનાગઢ તા.૧૪


પી.એમ.કિસાન સમ્માન નિધિ યોજનાના ૧૭માં હપ્તાનો લાભ મેળવવા ખેડૂતોએ **KYC,** ઈ-કેવાયસી, લેન્ડ સીડીંગ" અને બેંક ખાતામાં આધાર સિડિંગ કરવું અનિવાર્ય છે. ટુંક સમયમાં લાભાર્થી ખેડુતોના ખાતામાં ૧૭મો હપ્તો આવનાર હોય, ત્યારે ૧૭માં હપ્તાનો લાભ લેનાર લાભાર્થી ખેડુતોએ **e-KYC,** લેન્ડ સીડીંગ અને આધાર સીડીંગ કરાવવું કરજીયાત છે. **e-KYC,** લેન્ડ સીડીંગ, આધાર સીડીંગ અને **DBT ENABLE** કરેલ લાભાર્થીઓના આધાર સાથે જોડાયેલા એકાઉન્ટમાં જ ૨૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવશે. **e-KYC**ની કામગીરી માટે તા.૫-૬-૨૦૨૪ થી તા.૧૫-૬-૨૦૨૪ દરમ્યાન સેચ્યુરેશન ડ્રાઈવ અંતર્ગત ખેડૂતો પોતાના ગામના વીલેજ નોડલ ઓફીસરશ્રીનો સંપર્ક કરવાનો રહેશે. વધુ માહિતી માટે આપના ગામના તલાટી કમ મંત્રી, ગ્રામ સેવક અને કિસાન કોલ સેન્ટર નં.૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧નો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

# વેરાવળ શહેરમાં સરકારી જમીન ઉપર આવેલા દબાણો દૂર કરાયા

ગીર સોમનાથ, તા.૧૪

જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ વેરાવળ શહેરના આઈસા સિદીકા રોડ ઉપર બનતા ફલાયઓવર બ્રિજના કામમાં નડતરરૂપ તેમજ સરકારી પ્લોટ પરના દબાણો દૂર કરીને અંદાજિત રૂ. ૨.૫૦ કરોડની આશરે ૪,૫૦૦ ચોરસ મીટર સરકારી જમીન ખુલ્લી કરીને સપાટો બોલાવ્યો હતો.

સરકારી પ્લોટ પર આવેલ અંદાજિત રૂા.૧.૫ કરોડની આશરે ૩,૫૦૦ ચોરસ મીટર સરકારી જમીન પરના દબાણો અને અંદાજિત ૧,૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન પર બાંધેલી છ દુકાનો જેની અંદાજિત બજાર કિંમત રૂા.૧ કરોડ થાય છે. તેવા દબાણો દૂર કરીને કુલ અંદાજે ૪,૫૦૦ ચોરસ મીટર જમીનને ખુલ્લી કરીને આશરે રૂા.૨.૫૦ કરોડની જમીન ખુલ્લી કરવામાં આવી હતી. તંત્ર દ્વારા વેરાવળ શહેરના રેલ્વે ફાટક ઉપર ફલાયઓવર બ્રિજની કામગીરી અને સર્વિસ બનાવવામાં નડતરરૂપ દબાણો દૂર માટે આ અગાઉ નોટિસ પાઠવવામાં આવી હતી. પરંતુ આ દબાણો દૂર કરવામાં આવ્યા ન હતા. તેથી આજે સરકારી મશીનરી સાથે આઈસા સિદીકા રોડ પર આવેલ આ નળતરરૂપ અને સરકારી જમીન ઉપર આવેલા દબાણ દૂર કરવામાં આવ્યા હતા. આઈસા સિદીકા રોડ આસપાસની સોસાયટીના લોકોને ટ્રાફિક સમસ્યાનો ભોગ બનવું પડે નહીં, ચોમાસા પાણી ભરાવાની સમસ્યા ઉદભવે નહીં તેમજ વેરાવળના શહેરી વિસ્તાર લોકોને ચોમાસામાં કોઈ મુશ્કેલીઓ પડે નહીં તે માટે આ આકરી કામગીરી કરવામાં આવી હતી. દબાણ દૂર કરવાની કામગીરી દરમ્યાન અધિક નિવાસી કલેકટર રાજેશ આલ,નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર,પ્રાંત અધિકારી વિનોદભાઈ જોષી, આર એન્ડ બીના કાર્યપાલક ઈજનેર સુનિલભાઈ મકવાણા, વેરાવળ શહેર મામલતદાર જેઠાભાઈ શામળા, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાના ચીફ ઓફિસર ચેતનભાઈ ડૂડીયા સહિતના સંબંધિત વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.




# લોઢવા ગામે રહેણાંક વિસ્તારમાં સિંહ આવી ચડતા લોકોમાં ભયનો માહોલ, દશ્યો સીસીટીવીમાં કેદ

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા ૧૪

સુત્રાપાડાના લોઢવા ગામે રહેણાંક વાડી વિસ્તારમાં સિંહના આંટાફેરાના પગલે લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. હાલ ઉનાળાના આકરા તાપ વરસી રહ્યા છે અને ત્યારે દરિયાકાંઠા પર વસવાટ કરતા સિંહ ખોરાક અને પાણીની શોધમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ આવી ચડે છે.

ગતરાત્રિના લોઢવા ગામે વાડી વિસ્તારમાં રહેતા ભગવાનભાઈ કછોટ ની રહેણાંક મકાનના ફળિયામાં સિંહ આવી ચડ્યો હતો અને જેના દશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. ખોરાક અને



પાણીની શોધમાં રહેણાંક વિસ્તારમાં આવી ચડતા વન્યજીવોના કારણે ગ્રામજનોમાં પણ ફફડાટ જોવા મળી રહ્યો છે. વન વિભાગ દ્વારા આ વન્યજીવોને તાકીદે સહી સલામત જંગલ વિસ્તાર તરફ ખસેડે તેવી લોકોમાં માગ ઉઠી રહી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# મોદી માટે પડકારજનક ત્રીજી ઈનિંગ

### સૌથી ચોંકાવનારાં પરિણામ બંગાળનાં રહ્યાં, જ્યાં મમતા બેનર્જીએ વર્ચસ્વ જાળવી રાખ્યું અને ભાજપ પોતાનો જનાધાર ન વધારી શકી

લોકસભા ચૂંટણીઓમાં ભાજપ સૌથી મોટી પાર્ટી રૂપે ઉભરી અને એનડીએને બહુમતી પ્રાપ્ત થઈ. જવાહરલાલ નેહરુ બાદ નરેન્દ્ર મોદી પહેલા વડાપ્રધાન છે, જે ત્રીજી વાર સત્તામાં આવવા જઈ રહ્યા છે. તેઓ ચારસો પારના લ-યથી ઘણા પાછળ રહી ગયા, પરંતુ તેમણે જબરદસ્ત ચૂંટણી પ્રચાર કર્યો અને એટલે જ ભાજપે ઓડિશા, મધ્ય પ્રદેશ, હિમાચલ, દિલ્હી, બિહાર, ત્રિપુરા અને અસમ વગેરેમાં બહેતર પ્રદર્શન કર્યું, પરંતુ ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને બંગાળ જેવા કેટલાક મોટાં રાજ્યોમાં તેનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું. ૨૦૧૪ બાદ પહેલી વાર ભાજપને પોતાના જોરે પૂર્ણ બહુમત તો ન મળી. તેમ છતાં એ ભૂલવું ન જોઈએ કે મોદી સરકાર દસ વર્ષના સત્તાવિરોધી વલણનો સામનો કરી રહી હતી. એ નક્કી છે કે ભાજપના ઘટક પક્ષો પર કંઈક વદારે જ આશ્રિત રહેવું પડશે.

ચૂંટણી પરિણામોએ ભારતીય લોકતંત્રને વિજયી બનાવ્યું છે. વૈશ્વિક સ્તરે અને વિપક્ષ દ્વારા એક વિમર્શ ઊભો કરવામાં આવ્યો હતો કે ભઆરતમાં લોકતંત્ર ખતમ થઈ ગયું છે. વિપક્ષી ગઠબંધને તો ચૂંટણી પંચને જ કઠેરામાં ઊભું કરી દીધું હતું. અનેક સવાલો ઈવીએમ પર ઉઠાવવામાં આવ્યા હતા, પરંતુ ચૂંટણી પરિણામોએ એ તમામ પર વિરામ લગાવી દીધું. વિપક્ષી દળોનું પ્રદર્શન શાનદાર રહ્યું અને જો તેઓ સંસદમાં એકજુટ રહ્યા તો ભારતીય લોકતંત્રમાં સશક્ત વિપક્ષ મળશે.

મોદી સરકારનું ત્રીજી વાર સત્તામાં આવવું એનો સંકેત છે કે જનતાએ વિપક્ષને બદલે તેમની નીતિઓને સ્વીકૃતિ આપી. પરિણામો ભાજપને અખિલ ભારતીય સ્વરૂપ પ્રદાન કરે છે, કારણ કે તેણે દક્ષિણમાં કર્ણાટક સિવાય અન્ય રાજ્યોમાં પણ પહોંચ બનાવી. પરિણામો વિપક્ષની સફળતા દર્શાવવા બાદ પણ તેમની નકારાત્મક રાજનીતિ અને આરોપાત્મક મોદી-વિરોધી વિમર્શને નકારે છે. વાસ્તવમાં આ પરિણામો ભારતીય લોકતંત્ર સશક્ત હોવાનું પ્રમાણ છે, જેના વિશે વિપક્ષ દ્વારા ભ્રમ ફેલાવવામાં આવ્યો હતો. જ્યારે ભાજપના કમજોર પ્રદર્શન બાદ પણ મોદીની ‘ત્રિશૂળ રણનીતિ’ કામ લગી, જે સુશાસન અને લોક-કલ્યાણકારી વિકાસ, સમાવેશી રાજનીતિ અને જાતીય-અસ્મિતાને વર્ગ-રાજનીતિ સાથે જોડવાથી બની છે. તેણે ભારતીય રાજનીતિના વ્યાકરણને બદલી નાખ્યું. દસ વર્ષોમાં મોદીની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ જનતાને કોઈ ભેદભાવ વિના મળ્યો.

ભારતીય રાજનીતિ શરૂઆતથી જ જાતીય અસ્મિતાની જાળમાં ફસાયેલી રહી, પરંતુ મોદીએ તેને વર્ગ રાજનીતિ સાથે જોડી. તેમણે મહિલાઓ, યુવાઓ, સીમાંત ખેડૂતો અને ગરીબો - ચાર વર્ગોનું પુનર્સર્જન કર્યુ અનેતેમને જાતીય અસ્મિતા સાથે જોડીને સામાજિક સંરચનામાં વર્ગ ચેતનાનો સંચાર કર્યો. આજે દેશ ‘ભાજપ સિસ્ટમ’ તરફ જઈ રહ્યો છે, એવી જ રીતે જેમ સ્વતંત્રતા બાદ ‘કોંગ્રેસ સિસ્ટમ’ તરફ ગયો હતો, જેમાં કોંગ્રેસની સામાજિક સંરચનાનો વિસ્તાર તમામ રાજ્યોમાં થઈ ગયો હતો, પરંતુ આ વખતે વિપક્ષના વિમર્શથી ઉત્તર પ્રદેશ જેવા મોટા રાજ્યમાં પછાત જાતિઓ અને દલિતોમાં પણ અનામત અને બંધારણને લઈને એક શંકા પેદા કરવામાં આવી અને તેઓ ભાજપથી દૂર થઈ ગયા. ચારસો પારના નારો પણ આ ભયને હવા આપી કે આટલી મોટી સંખ્યામાં સીટો કેમ જોઈએ છે? આ મનોવૈજ્ઞાનિક દબાણ મોદીની તમામ લોક કલ્યાણકારી યોજનાઓ પર ભારે પડ્યું. મોદી સરકાર દ્વારા ૮૦ કરોડ લોકોને મફત રાશન આપવાનો અર્થ વિપક્ષે એ જણાવ્યો કે દેશમાં બહુ ગરીબી છે, જ્યારે ૮૦ કરોડ લોકો જાણતા હતા કે તેમના ઘરે કોઈ ભૂખ્યું નહીં સૂવે. મોદી સરકારે આયુષ્માનથી સ્વાસ્થ્ય સુરક્ષા, નલ સે જલ સુરક્ષા, પાક વીમા યોજનાથી પાકોની સુરક્ષા, જનધન યોજના, કિસાન સન્માન નિધિ અને ડીબીટીથી આર્થિક સુરક્ષા, સ્વચ્છ ભારત યોજનાથી મળેલ મહિલા સુરક્ષા અને અન્ય યોજનાઓથી જે ‘સુરક્ષા કવચ’ ગરીબો માટે ઊભું કર્યુ, તે આ મનોવૈજ્ઞાનિક ભય સામે ઉત્તર પ્રદેશ જેવા કેટલાક રાજ્યોમાં કંઈ કામ ન આવ્યું કે આ સરકાર ફરીથી સત્તામાં આવી તો અનામત ખતરામાં પડી શકે છે.

દિક્ષણી રાજ્યો તેલંગણા, આંધ્રમાં તો ભાજપનું પ્રદર્શન સારું રહ્યું, પરંતુ રાજસ્થાનમાં આંતરિક વિખવાદ અને ટિકિટ વહેંચણીને કારણે ભીતરઘાતથી પાર્ટીનું પ્રદર્શન એટલું સારું ન રહ્યું. મહારાષ્ટ્રમાં પણ ભાજપનો પ્રયોગ પ્રભાવ ન પાડી શક્યો. સૌથી ચોંકાવનારાં પરિણામ બંગાળનાં રહ્યાં, જ્યાં મમતા બેનર્જીએ વર્ચસ્વ જાળવી રાખ્યું અને ભાજપ પોતાનો જનાધાર ન વધારી શકી. તેનાથી વિપરીત ઓડિશા વિધાનસભા અને લોકસભામાં ભાજપનું શાનદાર પ્રદર્શન રહ્યું અને લાંબા સમય બાદ નવીન પટનાયકને વિસ્થાપિત કરીને તે પોતાની સરકાર બનાવશે. આંધ્રમાં પણ ચંદ્રબાબુ નાયડુની ટીડીપી અને જનસેના સાથે ગઠબંધન કરીને ભાજપે લોકસભા અને વિધાનસભામાં શાનદાર પ્રદર્શન કર્યું.

### સરકારી સ્કૂલ ચલે હમ

# વિદ્યાર્થીઓએ સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો

## અમદાવાદ ૧૦ વર્ષમાં ૫૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ સેલ્ફ ફાઈનાન્સ શાળા છોડી સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો

અમદાવાદ, તા.૧૪

રાજ્યમાં સરકારી શાળાઓમાં વધેલી શૈક્ષણિક સુવિધાઓ અને અન્ય માળખાગત સુવિધાઓની સાથે ટેક્નોલોજીના સમન્વયથી વિદ્યાર્થીઓને શિક્ષણ અપાય છે, તેને પગલે સરકારી શાળાઓ સ્માર્ટ સ્કૂલમાં પરિર્વિતત થઈ રહી છે. આમ, રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ સુધારવા માટે જે પ્રકારની કામગીરી થઈ રહી છે તેના પરિણામે એવું ફળ મળ્યું છે કે સેલ્ફ ફાઈનાન્સ શાળા છોડીને હવે વાલીઓ તેમનાં બાળકોને સરકારી શાળામાં મુકતા થયા છે.

અમદાવાદ શહેરના છેલ્લાં ૧૦ વર્ષના આંકડા જોઈએ તો, કુલ ૫૫,૬૦૩ વિદ્યાર્થીઓએ ખાનગી સ્કૂલ છોડી સરકારી પ્રાથમિક શાળામાં એડમિશન લીધું છે. જેમાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં કુલ ૪૩૯૭ વિદ્યાર્થીઓ, ૨૦૧૫-૨૦૧૬માં ૫૪૮૧ વિદ્યાર્થીઓ, ૨૦૧૬-૨૦૧૭માં ૫૦૦૫ વિદ્યાર્થીઓ, ૨૦૧૭-૨૦૧૮માં ૫૨૧૯ વિદ્યાર્થીઓ, ૨૦૧૮-૨૦૧૯માં ૫૭૯૧ વિદ્યાર્થીઓ, ૨૦૧૯-૨૦૨૦માં ૫૨૭૨ વિદ્યાર્થીઓ, ૨૦૨૦-૨૦૨૧માં ૩૩૩૪ વિદ્યાર્થીઓ, ૨૦૨૧-૨૦૨૨માં ૬૨૮૯ વિદ્યાર્થીઓ, ૨૦૨૨-૨૦૨૩માં ૯૫૦૦ વિદ્યાર્થીઓ તેમજ ૨૦૨૩-૨૦૨૪માં ૫૩૧૫ જેટલા વિદ્યાર્થીઓએ સેલ્ફ ફાઈનાન્સ શાળા છોડી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે.

આ અંગે વાત કરતા અમદાવાદ શાસનાધિકારી ડૉ. એલ.ડી. દેસાઈ કહ્યું કે, ‘રાજ્ય સરકારની શિક્ષણલક્ષી યોજનાઓ જેમકે નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી પુરસ્કૃત સ્કોલરશીપ યોજનાઓ, રાજ્ય સરકાર દ્વારા ભરતી કરવામાં આવતા ઉચ્ચ લાયકાત ધરાવતા તાલીમબદ્ધ શિક્ષકો, મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગતની શાળાઓ, સ્માર્ટ શાળા, અદ્યતન કમ્પ્યૂટર લેબ, સાયન્સ લેબ, સ્કિલ ડેવલોપમેન્ટ અંતર્ગત પ્રોગ્રામ તેમજ માળખાકીય સુવિધામાં વધારો આ બધા પરિબળોને કારણે વાલીઓને દ્દઢ વિશ્વાસ થયો છે કે તેમના બાળકને ખાનગી શાળાઓ કરતાં પણ અનેકગણું ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહ્યું છે. એટલું જ નહીં, કોર્પોરેશનની સરકારી શાળાઓમાં તેમનાં બાળકોનું ઉજ્જ્વળ ભવિષ્ય પણ તેઓ જોઈ રહ્યા છે.

તેમણે વધુમાં કહ્યું કે, સરકારી નીતિઓને કારણે પણ વાલીઓ સરકારી સ્કૂલ્સ તરફ વિચારતા થયા છે. રાજ્ય સરકારની શિક્ષણ વિષયક યોજનાઓ તેમજ બાળકોને મળતા લાભો વિશે વાલીઓને જાગૃત કરવામાં આવે છે. આ બધા પરિણામોને કારણે વાલીઓ સરકારી સ્કૂલમાં પણ ખાનગી સ્કૂલ કરતા શ્રેષ્ઠ શિક્ષણ મળે છે તે જાણ્યા, અનુભવ્યા અને મુલાકાત લીધા બાદ તેમનાં બાળકોને પ્રાઈવેટ સ્કૂલમાંથી ઉઠાવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવે છે. એટલું જ નહીં, નવા શૈક્ષણિક સત્ર માટે પણ શિક્ષકોને એડમિશન માટેની જવાબદારી સોંપવામાં આવી છે. આ શિક્ષકો દરેક વિસ્તારમાં જઈ વાલીઓને મળી સરકારી સ્કૂલ્સમાં એડમિશન લેવાના ફાયદા અંગે જણાવી રહ્યા છે. આ વર્ષે ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધી એડમિશન પ્રોસેસ ચાલું રહેવાને કારણે આ વર્ષના આંકડામાં હજુ પણ વધારો થઈ શકે એમ છે.

જ્યારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતીના ચેરમેન શ્રી ડૉ.સુજય મહેતાએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે બે દાયકા અગાઉ મુખ્યમંત્રી તરીકે ગુજરાતની કમાન સંભાળી ત્યારથી રાજ્યમાં શિક્ષણની નવતર પરિભાષા વિકસી હતી. કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે શાળા પ્રવેશોત્સવની વિચારધારા અત્યંત ઉપયોગી પુરવાર થઈ છે. આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત શાળાઓની એકેડમિક સ્ટ્રેન્થ વધવી, માળખાકીય સુવિધાઓમાં વધારો થવો, રેસિડેન્શિયલ સ્કૂલ, સ્માર્ટ સ્કૂલ, આધુનિક પ્રયોગશાળાઓ, વિદ્યાર્થીઓને સ્કિલ ડેવલોપમેન્ટ અંગેના અભ્યાસક્રમો અને સ્કૂલ મેનેજમેન્ટ કમિટીને સક્રિય બનાવાથી પણ ઘણો ફાયદો થયો છે.

આ સિવાય સરકારી શાળાઓમાં રમતગમતના મેદાન, હાઈટેક ટિચિંગ ક્લાસ, સ્વચ્છતા તથા ક્વોલિફાઈડ શિક્ષકો હોવાથી ખાનગી સ્કૂલ્સ સામે સ્પર્ધા શરૂ થઈ છે. તેમણે ઉમેર્યુ કે, સેલ્ફ ફાઈનાન્સમાંથી સરકારી શાળામાં આવવાનું મુખ્ય કારણ એ પણ છે કે, સરકારી શાળાઓમાં મળતું ગુણવત્તાયુક્ત શિક્ષણ તેમજ સમયની સાથે કદમથી કદમ મિલાવીને ટેક્નોલોજીયુક્ત શિક્ષણ, સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણવિદ્ શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ બધી ખાસિયતોને કારણે સ્વાભાવિક છે કે સરકારી શાળાઓમાં ખાનગી શાળા કરતાં સારી સુવિધાઓ મળતી હોવાથી વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ સરકારી શાળા તરફ આકર્ષાયા છે અને એડમિશન પણ વધ્યા છે.

### ગેરકાયદે દબાણ કરી તબેલો બનાવ્યો

# વડોદરા કોર્પોરેશનની જમીન પર યુસુફ પઠાણનો કબજો

### આ જમીન યુસુફ પઠાણને નહીં આપવાના નિર્ણય બાદ તેમણે આ જમીન પર દીવાલ બાંધીને કબજો કરવામાં આવતા વિવાદ સર્જાયો છે



વડોદરા,તા.૧૪

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાણીતા રમતવીરોને રાહતદરે જમીન આપવાની યોજના અમલમાં મૂકી હતી. તેમાં ક્રિકેટર યુસુફ પઠાણે જમીનની માંગણી કરી હતી. તેને કોર્પોરેશનની સભાએ મંજૂરી આપી રાજ્ય સરકારમાં મોકલી હતી, પરંતુ રાજ્ય સરકારે તે માંગણી નામંજૂર કરી દીધી હતી. હવે તે જમીન પર ગેરકાયદે દબાણ કરી તબેલો અને દીવાલ બાંધી જમીનનો કેટલોક ભાગ પોતાના હસ્તક મેળવી લીધો હોવાની વિગતો બહાર આવી છે.

પશ્ચિમ બંગાળમાંથી સાંસદ તરીકે યુસુફ પઠાણ ચૂંટાઈ આવ્યા બાદ ભાજપના પૂર્વ મેયરે સોશિયલ મીડિયા પર મેસેજ ફરતો કરતા વિવાદ સર્જાયો હતો, ત્યારે હવે તેમના બંગલાની બાજુમાં આવેલા કોર્પોરેશનના પ્લોટનો કેટલોક ભાગ દબાવી લઈ ગેરકાયદે રીતે દીવાલ બાંધી દઈ તબેલો કરી દીધાનું બહાર આવતા પઠાણ બંધુઓ વિવાદમાં આવ્યા છે. તાંદળજા શુભમ પાર્ટી પ્લોટ પાસે આવેલી આંગન સોસાયટી નજીક ટી.પી. સ્કીમ નં.૨૨ના ફાઈનલ પ્લોટ નં.૯૦ વાળી રહેણાંકનો હેતુ ધરાવતી ૯૭૮ ચોરસ મીટર જમીન ક્રિકેટર યુસુફ પઠાણે વર્ષ ૨૦૧૨ વેચાણે લેવાની માંગણી કરી હતી. જેને લીધે પાલિકાની સામાન્ય સભામાં સર્વાનુમતે આ દરખાસ્ત મંજૂર પણ કરાઈ હતી. જો કે, વર્ષ ૨૦૧૪માં જ શહેરી વિકાસ વિભાગે આ દરખાસ્તને નામંજૂર કરવામાં આવ્યો હતો. આ જમીન યુસુફ પઠાણને નહીં આપવાના નિર્ણય બાદ તેમણે આ જમીન પર દીવાલ બાંધીને કબજો કરવામાં આવતા વિવાદ સર્જાયો છે.

ક્રિકેટર અને તૃણમુલ કોંગ્રેસના સાંસદ, ક્રિકેટર યુસુફ પઠાણ દ્વારા કોર્પોરેશનની જમીનના કેટલાક ભાગ પર કબજો જમાવી દીધો છે. જે અંગે ભાજપના પૂર્વ કોર્પોરેટર વિજય પવારે મ્યુનિસિપલ કમિશનર અને સ્થાયી સમિતિ અધ્યક્ષને પત્ર લખી સરકારના આદેશનું પાલન કરી કોર્પો.નો પ્લોટ કોર્પોરેશને પોતાને હસ્તક લઈ લેવા રજૂઆત કરી છે. તેમણે પત્રમાં રજૂઆત કરી છે કે, ગરીબ ઝૂંપડાં વાસીઓ હોય અથવા તો લારી ગલ્લાવાળા હોય તો તેના દબાણ તોડવામાં આવે છે. તો પર પ્રાંતમાંથી સાંસદ બનેલા અને ક્રિકેટર યુસુફ પઠાણે કોર્પોરેશનના પ્લોટની માંગણી કરી હતી તે રાજ્ય સરકારે નામંજૂર કરી હોય તો પછી તે પ્લોટ પર તેમણે કબજો જમાવી દીધો હોવાથી તાત્કાલિક અસરથી દીવાલ તોડી કોર્પોરેશને કબજો લેવો જોઈએ.

### જામનગરમાં ફરીવાર હત્યાને અંજામ આપતો કિસ્સો સામે આવ્યો

# હોસ્પિટલમાં દાખલ યુવકને મિત્રોએ જ પતાવી દીધો

### હોસ્પિટલમાં સારવાર દરમિયાન યુવક પર ધારદાર હથિયાર વડે હુમલો કરીને મિત્રોએ જ પતાવી દીધો હતો હાલ પોલીસે આ મામલે તજવીજ હાથ ધરી છે

જામનગર,તા.૧૪

જામનગરમાં ફરીવાર હત્યાને અંજામ આપતો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં દારૂના ધંધાની બાતમી આપી હોવાની શંકાએ યુવકને મોતને ઘાટ ઉતારી દીધો છે. હોસ્પિટલમાં સારવાર દરમિયાન યુવક પર ધારદાર હથિયાર વડે હુમલો કરીને મિત્રોએ જ પતાવી દીધો હતો. હાલ પોલીસે આ મામલે તજવીજ હાથ ધરી છે.

વધુ વાંચો પજામનગરમાં ગુનેગારો માટે મોકળું મેદાન હોય તેમ હત્યાની લાલબત્તી સમાન ઘટનાઓ વધી રહી છે. છેલ્લા એક સપ્તાહની અંદર હત્યાની ત્રણ-ત્રણ ઘટના સામે આવી છે. બુધવારની રાત્રે જામનગરમાં આવેલી સૌરાષ્ટ્રની સૌથી મોટી સરકારી ગુરુ ગોવિંદસિંઘ હોસ્પિટલના ટ્રોમા વોર્ડમાં આવેલા ડ્રેસિંગ સેન્ટર પાસે જ કેટલાક શખ્સોએ ખુલ્લેઆમ એક યુવકને રહેંસી નાખ્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે, જૂની અદાવતમાં યુવકને ધારદાર હથિયાર વડે મોતના ઘાટ ઉતાર્યો હતો. આ ઘટનાને લઈને મોડી રાત્રે DYSP સહિતનો પોલીસ કાફલો પણ દોડી ગયો હતો. જામનગરની જી.જી. હોસ્પિટલમાં જે યુવાનની હત્યા થઈ છે તેની ઓળખ ધર્મેન્દ્ર સિંહ ઝાલા ઉર્ફે ભૂરો નામના યુવક તરીકે થઈ છે.

આ ૩૨ વર્ષીય યુવક શાંતિનગર વિસ્તારમાં રહેતો હતો. ધર્મેન્દ્રસિંહ મિત્ર જયપાલસિંહ ગુલાબસિંહ ચુડાસમા સહિત ચાર શખ્સોએ ગુપ્તી વડે અગાઉ પોલીસમાં દારૂના ધંધાની બાતમી આપી હોવાની શંકાએ મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ હત્યાના બનાવ પહેલા મૃતક ધર્મેન્દ્રસિંહ ઝાલા પર ૧૨ વાગ્યાના અરસામાં જયપાલસિંહ ચુડાસમા સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

બોલચાલી ઉગ્ર બનતા બંને મારામારી પર ઉતરી આવ્યા હતા. માથાકૂટમાં જયપાલે ધર્મેન્દ્રને માથાને ભાગે છૂટા સળિયાનો ઘા કરતા ગંભીર ઈજા પહોંચી હતી. તરત જ તેના મિત્ર સુખદેવ જાડેજા સારવાર માટે તેને હોસ્પિટલ લઈ ગયો. જ્યાં તેની સારવાર શરૂ થાય તે પહેલા જ આરોપીઓએ હોસ્પિટલમાં ધામી નાખ્યા. જયપાલસિંહ ચુડાસમા તેના સાગરીત ઉર્મિલ ઉર્ફે દિનેશ રાઠોડ, પ્રણવદીપસિંહ ઉર્ફે પાચો વાઘેલા અને અક્ષયરાજસિંહ પરમાર દ્વારા ગુપ્તી જેવા હથિયાર સાથે છાતીના ભાગે ઘા ઝીંકી જીવલેણ હુમલો કર્યો. દારૂની બાતમીના શંકાના આધારે ધર્મેન્દ્રસિંહ ઝાલા નામના ૩૨ વર્ષીય યુવાનનું ઢીમ ઢાળી દીધું હતું. આ બનાવની જાણ થતા જ જામનગર શહેરના ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા અને સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પરંતુ હત્યારાઓ ભાગી છુટ્યા હતા.

જેથી પોલીસે ચારેય હુમલાખોરો સામે ૩૦૨ સહિતની જુદી-જુદી કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, જામનગરમાં સપ્તાહની અંદર ત્રણ-ત્રણ હત્યાને અંજામ આપવામાં આવ્યો છે. જેને લઈને પોલીસના ખૌફ ગુનેગારોમાં ઓસરતો હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં વધી રહેલી હત્યાની ઘટનાઓને લઈને સૌરાષ્ટ્રનું પેરિસ ગણાતું શાંત એવું જામનગર અશાંત બની રહ્યું છે. ત્યારે જામનગરની જાબાજ પોલીસ ગુનેગારો પર ક્યારે લગામ લગાવશે તેના પર સવાલો ઊભા થઈ રહ્યા છે. જામનગરમાં ફરીવાર હત્યાને અંજામ આપતો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં દારૂના ધંધાની બાતમી આપી હોવાની શંકાએ યુવકને મોતને ઘાટ ઉતારી દીધો છે. હોસ્પિટલમાં સારવાર દરમિયાન યુવક પર ધારદાર હથિયાર વડે હુમલો કરીને પતાવી દીધો હતો. હાલ પોલીસે આ મામલે તજવીજ હાથ ધરી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

કોઈ મહાન વ્યક્તિ અવસરની કમીની ક્યારેય ફરિયાદ નથી કરતી.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ સુદ-૮ દુર્ગાષ્ટમી, શ્રી ક્ષીરભવાની મેળો (કાશ્મીર) તા.૧૪ જૂન ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૭, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, સાધ્ય યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૭

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), સવારે ૧૧:૫૪ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મહત્વના કાર્યો કરી શકશો. મનની મુરાદ બર આવે.
વૃષભ:પ્રિયજનનો વિરહ વેઠવો પડે. અટકી-અટકીને કાર્ય સફળ થાય.
મિથુન:જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય. આર્થિક લાભની તક સાંપડે.
કર્ક: દરેક પ્રકારના કાર્યમાં સફળતા મેળવી શકશો. મન પ્રફુલિત રહે.
સિંહ: નવું આર્થિક રોકાણ ન કરવું હિતાવહ. હિતશત્રુઓથી સાવધ રહેવું.
કન્યા: મનમાં ગુપ્ત ચિંતા સતાવે. મહત્વની કામગીરીમાં રૂકાવટ આવે.
તુલા: અણગમતા કાર્યો ફરજીયાત કરવા પડે. માનસિક અશાંતિના ભોગ બનવું પડે.
વૃશ્ચિક:મહત્વની સમસ્યા હલ થઈ જાય. આકસ્મીક પ્રવાસ થાય.
ધન: મહત્વના કાર્યોને મુલત્વી રાખવા પડે તેવી પરિસ્થિતિ સર્જાય.
મકર: ગમે તેવી અડચણો વચ્ચે પણ કાર્ય સફળ થાય. મનમાં આનંદ-ઉત્સાહ રહે.
કુંભ: કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં સફળતા મળે. આકસ્મીક કાર્ય સફળતાના યોગ છે.
મીન: વ્યર્થ વાદ-વિવાદ ટાળવો હિતાવહ. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.

# રાજકોટમાં ફાયર NOC લેવા કડકાઈ પણ નવા નિયમોથી મંજૂરીમાં ભારે મુશ્કેલી

રાજકોટ,તા.૧૪

રાજકોટમાં તારીખ ૨૫મી મેના રોજ બનેલા અગ્નિકાંડ બાદ ફાયર એન.ઓ.સી. અને બી.યુ. સર્ટિફિકેટને લઈને સઘન તપાસ કરવામાં આવી રહી છે. દરમિયાન ફાયર એન.ઓ.સી.નાં નવા નિયમો જાહેર કરાયા છે. લોકો ફાયર એનઓસી લેવા માગે છે પણ નવા નિયમો પ્રમાણે ભારે મુશ્કેલી પડી રહી છે. અગ્નિકાંડ પછી અત્યાર સુધીમાં નવા ફાયર એન.ઓ.સી. લેવા માટેની માત્ર ૧૬ અરજીઓ આવી છે. બીજી તરફ શહેરમાં નાની-મોટી આગ લાગવાના ૪૧ જેટલા કોલ ૨૫ મેથી અત્યાર સુધી ફાયર વિભાગને મળ્યા છે. જે પૈકી મોટાભાગના સ્થળે નિયમ મુજબ જરૂરી ફાયર એન.ઓ.સી. ન હોવાનું સામે આવતાં મ્યુનિ. તંત્ર દ્વારા તેમને પ્રાથમિક સાધનો વસાવવા સૂચના આપવામાં આવી છે. જો કે માર્કેટમાં ફાયર શમનના સાધનોની અછત હોવાની પણ બૂમ ઊઠી છે. મનપાના ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરે સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, દર વર્ષે આગનાં ૬૦૦થી ૭૦૦ કોલ ફાયર શાખાને મળે છે. ગતવર્ષે ૭૬૧ કોલ આવ્યા હતા. આ વર્ષે ૨૫ મે પછી ૪૧ કોલ આવ્યા છે, જેમાં કોઈ મોટી આગ લાગી ન હતી. તમામ સ્થળે ફાયર સેફ્ટીના સાધનોની પૂછપરછ કરવામાં આવી હતી. જ્યા આગ લાગી હતી તે સ્થળ એવા હતા કે, ફાયર સેફ્ટીના સાધનોના કાયદા મર્યાદાની બહાર હતા. આમ છતા અમારી ટીમોએ આ દરેક સ્થળે લોકોને આગ શમનના સાધનો વસાવવા અને તેને અપ ટુ ડેટ રાખવા માટે સૂચનાઓ આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, રાજકોટમાં હાલ નવા નિયમો પ્રમાણે અમે મિલકતો ફાયર એન.ઓ.સી. ન મળે તો સીલ કરી રહ્યા છીએ. આમ છતા ૨૫ તારીખની દુર્ઘટના બાદ અમારી પાસે નવી ૧૬ અરજી જ આવી છે. ફાયર એન.ઓ.સી.ની અરજીઓ ઓછી આવવા પાછળનું કારણ સાધનો બજારમાં ઝડપથી નહિ મળતા હોવાનું જણાય છે.

### ગુજરાતમાં ખાનગી યુનિવર્સિટિઓમાં સ્કોલરશીપ કૌભાંડ !!

# ST-SC-OBC વિદ્યાર્થીઓના એડમિશન કરાવી કરોડો રૂપિયા ચાઉં કરી લીધા




## અમદાવાદ, દહેગામ અને ધોળકાની ખાનગી યુનિ.ઉપર થયો આક્ષેપ, વિદ્યાર્થીઓને ૧૦ હજાર રૂપિયા આપી ડોકયુમેન્ટસ કબ્જે લઈ આચરાયું કૌભાંડ

અમદાવાદ તા.૧૪

હવે શિક્ષણ એક વેપાર બની ગયો છે. ત્યારે શિક્ષણનો વેપલો કરવા નીકળેલા છેતરપિંડી કરવાનું પણ ચુકતા નથી. ગુજરાતમાં ઠેર ઠેર ખુલી ગયેલી ખાનગી યુનિવર્સિટીઓ પોતાને ત્યાં એડમિશન પુરા કરાવવા અને તેની ફી વસુલી માટે હવે અનામત કેટેગરીના વિદ્યાર્થીઓની સ્કોલરશીપ યોજનાને ઢાલ બનાવી રહ્યા છે. રાજયમાં ગરીબ પરિવારના અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને ૧૦ હજાર રૂપિયા આપી તેમના ડોકયુમેન્ટસ કબ્જે લઈને યુનિવર્સિટીઓ સ્કોલરશીપના કરોડો રૂપિયા સરકાર પાસેથી કમાઈ રહી છે. એક પીડીત વિદ્યાર્થી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેમના એજન્ટ તેમણે જયાં એડમિશન લીધું હોય એની યાદી સામે આવી છે. જેમનો અમદાવાદની અલગ અલગ ખાનગી યુનિવર્સિટીમાં એડમિશન આપી તેમના ડોકયુમેન્ટ, સીમકાર્ડ લઈને ખાનગી બેંકમાં ખાતું ખોલાવી તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી છે. અરજદારે જણાવ્યું કે એસસી, એસટી, ઓબીસી કેટેગરીના વિદ્યાર્થીઓને મદદ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી અને રાજય સરકાર દ્વારા લાગુ કરાયેલી શિષ્યવૃતિ અને ફીની ભરપાઈ યોજના હેઠળના ભંડોળના દુરૂપયોગમાં શૈક્ષણીક સંસ્થાઓના માલિકો, બેંક અધિકારીઓ અને અન્ય ખાનગી વ્યકિતઓ સામે પોલીસ કાર્યવાહી કરવામાં આવે. અરજદારે એજન્ટના નંબર, તેમણે લીધેલ એડમિશનની વિગત, કોર્ષના નામ જેવી વિગતો પુરી પાડી છે. અમદાવાદ, દહેગામ અને ધોળકામાં આવેલી ખાનગી યુનિવર્સિટીઓના નામ છે. એજન્ટ દ્વારા અરજદારને ૧૦ હજાર રૂપિયા આપવાનું કહી અમદાવાદ ખાનગી યુનિવર્સિટી ખાતે લાવવામાં આવ્યા હતા. ત્યાં તેમને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. યુનિવર્સિટી બતાવવામાં આવી હતી. અને ત્યારબાદ સંમતિ પત્રક ઉપર સહી કરાવી લેવામાં આવી હતી. અરજદારનું એડમિશન માસ્ટર્સ ઓફ ડિઝાઈનમાં કરવામાં આવ્યું પણ કલાસ કે યુનિવર્સિટી કે પરીક્ષા અને છેલ્લે આ વાતની ત્યારે ખબર પડી જયારે એકાઉન્ટમાં અલગ અલગ સમયે રૂા.૧.૪૬ લાખ અને રૂા.૧.૮૪ લાખ સ્કોલરશીપ જમા થયાના મેસેજ આવ્યા અને આવા મેસેજ બીજા વિદ્યાર્થીઓને પણ આવ્યા. આ એજન્ટો દ્વારા એક નવું સીમકાર્ડ એકટીવ કરવામાં આવ્યું. જે તેમણે પોતાની પાસે રાખ્યું અને ત્યારબાદ જણાવ્યું કે આ કાર્ડ અમારી પાસે રહેશે. અને તેની પાસે લિંક કરેલ બેંક ખાતું અમદાવાદની જ પ્રાઈવેટ બેંકમાં ખોલાવી દેવામાં આવ્યું જેમાં આ સ્કોલરશીપના પૈસા જમા થવા લાગ્યા. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસુચિત વિભાગના અધિકારીએ આ અંગે જણાવ્યું કે આ બાબતે અમારા ધ્યાને આવેલી વિગતો પ્રમાણે આગળ કાર્યવાહી કરવામાં આવશે. અમારી જીલ્લા કક્ષાની ઓફિસો દ્વારા આવા એડમિશન અને સ્કોલરશીપના રેન્ડમ ચેકિંગ પણ કરવામાં આવતા હોય છે. પરંતુ આવી કોઈ બાબત અત્યાર સુધી ધ્યાનમાં આવી નથી. અને આવી તો કોઈ સમસ્યા હોય તો આવતા વર્ષથી અમે આવા વિદ્યાર્થીઓની હાજરી માટે બાયોમેટ્રીક અટેન્ડન્સ સિસ્ટમ લાગુ કરીશું.

# રાજયના ચર્ચાસ્પદ દુષ્કર્મના કેસમાં આરોપી સ્વામી ફરાર : પોલીસે વડતાલમાં નાંખ્યા ધામા !



અમદાવાદ તા.૧૪

વડોદરાના વડતાલ સ્વામી નારાયણ મંદિરના તાબા હેઠળ આવતા વાડી સ્વામી નારાયણ મંદિરના તત્કાલીન કોઠારી સ્વામી જગત પાવન સ્વામી તાજેતરમાં દુષ્કર્મની ફરિયાદ નોંધવામાં આવી છે. જેમાં તેમણે વર્ષ ૨૦૧૬માં સગીરા ઉપર દુષ્કર્મ આચર્યું હતું અને બાદમાં તેની સાથે ગંદી ઓનલાઈન માંગણીઓ કરવામાં આવી હોવાનું યુવતીએ મીડીયાને જણાવ્યું હતું. આ ફરિયાદને લઈ વ્યાપક ચર્ચાઓ વચ્ચે દુષ્કર્મનો આરોપી સ્વામી ફરાર છે. તેની શોધખોળ કરતા વાડી પોલીસ વડતાલ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે. તો બીજી તરફ પીડીતાની તબિયત નાદુરસ્ત હોવાથી તેનું કોર્ટ સમક્ષ નિવેદન હજુ સુધી લઈ શકાયું નથી. વડોદરાના સ્વામી નારાયણ મંદિરના તત્કાલીન કોઠારી સ્વામી જે.પી.સ્વામીએ મંદિરે દર્શને આવતા એક પરિવારની સગીર દીકરી સાથે પરિચય કેળવ્યો હતો. તેમણે દીકરીને વર્ષ ૨૦૧૬માં મંદિરના નીચેના રૂમમાં ગિફટ આપવાના બહાને બોલાવીને તેની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યુ હતું. બાદમાં સગીરા સાથે ગંદી ઓનલાઈન માંગણીઓ કરવામાં આવી હતી. આખરે આ મામલે તાજેતરમાં સગીરાએ હિંમત કરીને વાડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જે બાદ વાડી પોલીસ મથકમાં જગત પાવનદાસ સ્વામી સામે પોકસો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ત્યારબાદથી દુષ્કર્મનો આરોપી જગત સ્વામી ફરાર છે. એસીપી દ્વારા આ મામલે વિવિધ ટીમો બનાવીને તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. હાલમાં વાડી પોલીસની ટીમ વડતાલ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે. પરંતુ દુષ્કર્મના આરોપી સ્વામીનો કોઈ પતો મળી શકયો નથી.

દરમ્યાન દુષ્કર્મનો ભોગ બનનાર પીડીતાનું સીઆરપીસી ૧૬૪ હેઠળ કોર્ટ સમક્ષ નિવેદન લઈ શકાયું નથી. ટુંકા ગાળામાં આ પ્રક્રિયા પૂર્ણ થાય તેવું સુત્રો જણાવી રહ્યા છે. આ મામલે પીડીતાના માતા પિતાનું નિવેદન પોલીસે લીધું હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ચર્ચાસ્પદ બનાવે રાજયભરમાં ચકચાર જગાવી દીધી છે. જેમાં સ્વામીની ધરપકડ કયારે થાય તે અંગે પણ અટકળો થઈ રહી છે.

# રાજયમાં ધો.૧૨ સાયન્સના ગુણ ચકાસણી તેમજ અવલોકનના રિપોર્ટ ઓનલાઈન અપલોડ કરાયા

**વિદ્યાર્થીઓએ ૨૨ જૂન સુધી વેબસાઈટ ઉપરથી સુધારા રિપોર્ટ ડાઉનલોડ કરવાના રહેશે. ગુજકેટની OMR કોપી અને વેરીફીકેશન રિપોર્ટ પણ ઓનલાઈન મુકવામાં આવ્યા**

અમદાવાદ તા.૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સના ગુણ ચકાસણી અને ઉત્તારવહી અવલોકનના રિપોર્ટ બોર્ડની વેબસાઈડ ઉપર અપલોડ કર્યા છે. જેથી વિદ્યાર્થીઓએ ૨૨ જુન સુધીમાં બોર્ડની વેબસાઈટ ઉપરથી સુધારા રિપોર્ટ ડાઉનલોડ કરવાના રહેશે. આ ઉપરાંત ગુજકેટના **OMR** કોપી અને વેરીફિકેશન રિપોર્ટ પણ બોર્ડની વેબસાઈડ ઉપર મુકયા હોવાથી તે પણ ૨૨ જુન સુધી ડાઉનલોડ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રાપ્ત માહીતી અનુસાર ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ ૯મેના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ બાદ ગુણચકાસણી, ઉતરવહી અવલોકન અને **OMR** કોપી મેળવવા માટે નિયત સમય મર્યાદામાં મળેલી અરજીઓ પરત્વે ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ચકાસણીની પ્રક્રિયાને અંતે થયેલા આખરી સુધારા દર્શાવતો રીપોર્ટ **OMR Copy** અને વેરીફીકેશન રિપોર્ટ બોર્ડની વેબસાઈટ ઉપર ઓનલાઈન મુકવામાં આવેલ છે. અરજી કરેલા ઉમેદવારે પોતાનો રિપોર્ટ બોર્ડની વેબસાઈટ ઉપરથી ૨૨ જૂન સુધીમાં તેમના દ્વારા કરવામાં આવેલી અરજીની વિગતો એન્ટર કરી ઓનલાઈન ડાઉનલોડ કરવાના રહેશે. અવલોકન, ગુણ ચકાસણી બાદ જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલો હોય તે વિદ્યાર્થીઓના ગુણપત્રક, પ્રમાણપત્ર સબંધિત શાળાઓને મોકલી આપવામાં આવશે. શાળાઓએ આ ગુણપત્રક પ્રમાણપત્ર સબંધિત વિદ્યાર્થીઓને સત્વરે વિતરણ કરી તેમની પાસેથી અગાઉ મળેલા ગુણપત્રક પ્રમાણપત્ર પરત મેળવી બોર્ડની કચેરીમાં જમા કરાવવાના રહેશે. ઉમેદવારોએ ગુણ ચકાસણી રિપોર્ટ, **OMR** કોપી અને વેરીફીકેશન રિપોર્ટ ફકત ઓનલાઈન માધ્યમથી જ ડાઉનલોડ કરવાના રહેશે. શાળા કે વિદ્યાર્થીઓને જવાબ ટપાલ દ્વારા મોકલવાની પધ્ધતી અમલમાં નથી. આ ઉપરાંત શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ગુજકેટનું પરિણામ પણ ૯ મેના રોજ જાહેર કરાયા બાદ **OMR** કોપી અને તેનો વેરિફિકેશન રિપોર્ટ મેળવવા માટે બોર્ડ સમક્ષ અરજીઓ કરી હતી અને વેરિફિકેશન રિપોર્ટ બોર્ડની વેબસાઈટ ઉપર ઓનલાઈન મુકવામાં આવેલા છે. જેથી અરજી કરેલા ઉમેદવારોએ ૨૨ જુન સુધી તેમના દ્વારા કરવામાં આવેલ અરજીની વિગતોના આધારે રિપોર્ટ ઓનલાઈન ડાઉનલોડ કરવાના રહેશે.

# અમીરી-ગરીબી : ભોજનની થાળીથી માંડીને તમામ ખર્ચમાં મોટો તફાવત

**સરકારે ઘર ખર્ચ સર્વેક્ષણની ગ્રામ્ય અને શહેરી વિસ્તારનો રીપોર્ટ જાહેર કર્યો : ગામડામાં લોકો ભોજન પર ૪૭.૫ ટકા અને શહેરમાં ૩૯.૭ ટકા રકમ ખર્ચ કરે છે : આવક વધે એટલે ખાનપાન પર વધુ ખર્ચની પેટર્ન**

નવી દિલ્હી, તા.૧૪

કેન્દ્ર સરકાર દ્વારા ઘર ખર્ચ સર્વેક્ષણ (એચસીઈએસ) ૨૦૨૩ સર્વેક્ષણ જાહેર કરવામાં આવ્યો છે. જે સર્વેમાં ભારતમાં ઘર ખર્ચની પેટર્ન માહિતી આપવામાં આવી છે. આ સર્વેના આંકડા દર્શાવે છે કે ભારતમાં અમીરો અને ગરીબોની થાળીમાં મોટુ અંતર રહેલું છે.

ગ્રામ્ય વિસ્તારમાં લોકો ભોજન પાછળ ૪૭.૫ ટકા અને શહેરોમાં ૩૯.૭ ટકા ખર્ચ કરી રહ્યા છે. રૂપિયામાં નજર કરીએ તો ગામડામાં ૧૭૪૯.૯૧ રૂપિયા અને શહેરોમાં ૨૫૨૯.૬૭ રૂપિયા ભોજન પાછળ ખર્ચ કરવામાં આવે છે. શહેરોમાં સૌથી અમીર પાંચ ટકા લોકોનું કુલ ભોજન ખર્ચ સરેરાશ ખર્ચ કરતા ૨.૧ ગણો છે.

ગ્રામીણ વિસ્તારમાં સૌથી વધુ ગરીબ પાંચ ટકા લોકો દ્વારા ભોજન પાછળ કરાતા ખર્ચ કરતા ૪.૯ ગણો છે. શહેરોમાં સૌથી અમીર પાંચ ટકા લોકો સરેરાશ મૂલ્ય કરતા ૨.૫ ગણો વધુ ખર્ચ કરે છે અને સૌથી ગરીબ પાંચ ટકા લોકો ભોજન પર થનારા ખર્ચનો ૬.૧ ગણો ખર્ચ કરે છે. અમીર કે ગરીબ હોવાથી અનાજ પર ખર્ચ, સુકામેવા કે અનાજના વિકલ્પ જેવી વસ્તુની તુલનામાં બહુ ઓછો પ્રભાવ પડે છે.

વધુમાં રીપોર્ટમાં જણાવ્યા મુજબ ભારતમાં ખાવા પીવાની વસ્તુ સૌથી ઓછી ઉપયોગની વસ્તુઓ છે. ખાદ્ય સિવાયની વસ્તુ પરના ખર્ચની વાત આવે તો અસમાનતા ઘણી વધુ દેખાય છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં પ્રતિ વ્યકિત દર મહિને ખાદ્ય સિવાયની વસ્તુઓ પર ખર્ચ અનુક્રમે ૨૦૨૩.૧૪ અને ૩૯૨૯.૦૩ રૂપિયા કરે છે. ગ્રામીણ ભારતમાં સૌથી અમીર પાંચ ટકા લોકો ખાદ્ય સિવાયની વસ્તુ પર પૂરા મહિનામાં સરેરાશ ૩.૪ ગણો વધુ ખર્ચ કરે છે.

જે સૌથી ગરીબ પાંચ ટકાની સરખામણીએ ૧૧ ગણો વધુ છે. શહેરી વિસ્તારમાં સૌથી અમીર પાંચ ટકા સરેરાશ ખર્ચથી ૩.૭ ટકા વધુ અને સૌથી ગરીબ પાંચ ટકાની સરખામણીએ લગભગ ૧૫ ગણો વધુ ખર્ચ કરે છે. ગ્રામીણ ભારતમાં બાકીના પાંચ ટકા અને સૌથી છેલ્લે રહેલા પાંચ ટકાના ખર્ચ વચ્ચે સૌથી મોટુ અંતર સેકન્ડ હેન્ડ વસ્તુના ઉપયોગમાં ૧૭૮.૮ ગણો જોવા મળ્યો છે.

# માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને આર્થિક સહાય પૂરી પાડવા નવા શૈક્ષણિક સત્રથી "નમો લક્ષ્મી યોજના" અમલમાં મૂકાઈ

(જી.એન.એસ)

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજય મંત્રી મંડળની બેઠકમાં ચર્ચાયેલા વિષયની માહિતી આપતા પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજયમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓના અભ્યાસ ખર્ચમાં સહાયરૂપ થવા તેમજ તેમના પરિવારને આર્થિક સહાય પૂરી પાડવા રાજય સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં "નમો લક્ષ્મી" યોજના જાહેર કરી હતી. વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ શૈક્ષણિક સત્રથી નમો લક્ષ્મી યોજના અમલમાં મૂકવામાં આવી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ધોરણ-૯ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતી વધુમાં વધુ વિદ્યાર્થિનીઓ આ યોજનાનો લાભ મેળવી શકે તે હેતુસર રાજય સરકારે નવા શૈક્ષણિક સત્રથી જ નમો લક્ષ્મી યોજના અમલમાં મૂકી છે. આ યોજના અંતર્ગત સહાય મેળવવા માટે અત્યાર સુધીમાં રાજયની આશરે ૫.૩૧ લાખથી વધુ વિદ્યાર્થીનીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાં મોટાભાગે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. નવા શૈક્ષણિક સત્રમાં ધોરણ-૯ અને ધોરણ-૧૧ની વિદ્યાર્થીનીઓની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ધોરણ-૯ અને ધોરણ-૧૧ની વિદ્યાર્થીનીઓનું પણ રજીસ્ટ્રેશન વધશે અને રજીસ્ટ્રેશનની સંખ્યામાં લગભગ બમણો વધારો થશે, તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યુ કે, રાજયના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષણ માટેની રુચીમાં વધારો થાય તે હેતુસર ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે નમો સરસ્વતી યોજના અમલી કરાઈ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૫૦૦૦ ની નાણાકીય સહાય અભ્યાસ અર્થે આપવામાં આવે છે.

### ૧૮૫ લોકોએ તરીને જીવ બચાવ્યા

# કોંગો: નદીમાં બોટ પલટી જતાં ૮૦થી વધુ મુસાફરોના મોત

**અગાઉ ફેબ્રુઆરીમાં પણ આવો જ અકસ્માત થયો હતો, જ્યારે ઓવરલોડ બોટ ડૂબી જતાં ડઝનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા**



નવી દિલ્હી, તા.૧૪

કોંગોમાં, આવા અકસ્માતો માટે વારંવાર ઓવરલોડિંગને જવાબદાર ગણવામાં આવે છે. અગાઉ ફેબ્રુઆરીમાં પણ આવો જ અકસ્માત થયો હતો, જ્યારે ઓવરલોડ બોટ ડૂબી જતાં ડઝનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. મધ્ય આફ્રિકામાં સ્થિત દેશ કોંગોની રાજધાની કિન્શાસા નજીક નદીમાં ૨૭૦ થી વધુ મુસાફરોને લઈ જતી બોટ પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૮૦થી વધુ લોકોના મોત થયા છે. દેશના રાષ્ટ્રપતિ ફેલિક્સ ત્શિસેકેદીએ બુધવારે આ માહિતી આપી હતી.ઓકાપીના જણાવ્યા અનુસાર, આ બોટ સેંકડો મુસાફરોને લઈને કિંશાસા જઈ રહી હતી. માર્ગમાં એન્જીન ફેલ થવાના કારણે આ અકસ્માત સર્જાયો હતો. મુશી જિલ્લામાં વોટર કમિશનર રેઈન મેકરે અકસ્માત અંગે માહિતી આપી હતી. રેઈન મેકરે જણાવ્યું હતું કે ૮૬ મુસાફરોના મોત થયા હતા, જ્યારે ૧૮૫ લોકો તરીને કિનારે પહોંચવામાં સફળ થયા હતા. તે મુસાશીના નજીકના શહેરથી લગભગ ૭૦ કિલોમીટર (૪૩ માઈલ) દૂર છે.કમિશનરે કહ્યું કે બોટ નદી કિનારે અથડાઈ અને તૂટી ગઈ.

કોંગી સત્તાવાળાઓએ વારંવાર ઓવરલોડિંગ સામે ચેતવણી આપી છે અને જેઓ પાણીના પરિવહન માટે સલામતીનાં પગલાંનું ઉલ્લંઘન કરે છે તેમને સજા કરવાની હાકલ કરી છે. તમને જણાવી દઈએ કે દૂરના વિસ્તારોમાં જ્યાંથી મોટાભાગના પ્રવાસીઓ આવે છે, ત્યાં ઘણા લોકો ઉપલબ્ધ રસ્તાઓને કારણે જાહેર પરિવહન પરવડી શકતા નથી, તેથી તેઓ બોટનો વિકલ્પ પસંદ કરે છે.

કોંગોમાં બોટ સંબંધિત અકસ્માતની આ પહેલી ઘટના નથી; અગાઉ પણ આવા અહેવાલો સામે આવ્યા છે.

દેશમાં આવા અકસ્માતો માટે ઘણીવાર ઓવરલોડિંગને જવાબદાર ગણવામાં આવે છે. અગાઉ ફેબ્રુઆરીમાં પણ આવો જ અકસ્માત થયો હતો, જ્યારે ઓવરલોડ બોટ ડૂબી જતાં ડઝનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા.

## ગુજરાતમાં એમ્યુઝમેન્ટ રાઈડ્સ એન્ડ ગેમીંગ ઝોન સેફ્ટી–૨૦૨૪ સૂચિત નિયમો તૈયાર કરાયા – ઋષિકેશ પટેલ

(જી.એન.એસ)

ગાંધીનગર, તા. ૧૪

પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે મીડિયાના મિત્રોને સંબોધતા જણાવ્યું છે કે, રાજકોટ ટી.આર.પી. ઘટના જેવી ઘટનાનું રાજ્યમાં ક્યાંય પણ પુનરાવર્તન ન થાય તે હેતુથી એમ્યુઝમેન્ટ રાઈડ્સ એન્ડ ગેમીંગ ઝોનમાં આવતા નાગરિકોની સલામતી માટે ગૃહ વિભાગ દ્વારા “ધી ગુજરાત એમ્યુઝમેન્ટ રાઈડ્સ એન્ડ ગેમીંગ ઝોન એકટીવીટીઝ (સેફટી) રૂલ્સ-૨૦૨૪” બનાવવામાં આવ્યા છે. આ સૂચિત નિયમો રાજ્ય સરકારના ગૃહ વિભાગની વેબસાઈટ https://home.gujarat.gov.in/Upload/GAMINGZONE(MODELRULES2024FINALDRAFT%20_11062024.pdf પર પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

### તાલાળા ગીર ટુ અમેરિકા, વાયા બાવળા આવી રીતે

# કેસર કેરીનો સ્વાદ અને સુગંધ પહોંચે છે અમેરિકા

**અમદાવાદના બાવળા ખાતે આવેલા ઈ-રેડિએશન પ્લાન્ટમાંથી પ્રોસેસ થયેલી ૨૧૫ ટનથી વધુ કેરી અમેરિકા પહોંચી : ૩ કિલો જેટલી કેરીવાળા એક બોક્સનું અમેરિકામાં ૩૦ થી ૩૮ ડોલરમાં વેચાણ**

**કેરીની નિકાસ માટે અમેરિકાના કૃષિ વિભાગ અને પ્લાન્ટ હેલ્થ ઈન્સ્પેક્શન સર્વિસની મંજૂરી મેળવનારો આ ગુજરાતનો પહેલો સરકારી પ્લાન્ટ**





અમદાવાદ, તા.૧૪

ગીર-તાલાળા ટુ અમેરિકા, વાયા બાવળા...હા, આ રૂટ થકી જ જૂનાગઢના તાલાળા ગીરની કેસર કેરીનો સ્વાદ અને સુગંધ છેક અમેરિકા પહોંચે છે. કેસર કેરી પકવતા ખેડૂતોની મહેનતને ડોલરથી પોંખવાની આ સમગ્ર પ્રક્રિયામાં રાજ્ય અને કેન્દ્ર સરકારનો પુરૂષાર્થ પણ સામેલ છે. કારણ કે, યુએસએફડી અર્થાત યુનાઈટેડ સ્ટેટ્સ ફૂડ્સ એન્ડ ડ્રગ્સ દ્વારા નિયત કરેલા માપદંડોથી બગીચામાં ઉછેરવામાં આવેલી કેરીનું ઈ-રેડિયેશન અને ક્વોલિટી કંટ્રોલની પ્રોસેસ નિકાસની પરવાનગી મેળવવાનું પાયાનું માધ્યમ છે.

બાવળા ખાતેના પ્લાન્ટમાં થાય છે ઈ-રેડિએશનની પ્રક્રિયા, ચાલુ વર્ષે (૨૦૨૪માં) ૨૧૫ ટનથી વધુ કેરી અમેરિકા પહોંચી. તાલાળાની ગુણવત્તાયુક્ત કેસર કેરી પકવતા અને અમેરિકા ખાતે નિકાસ કરવા ઈચ્છતા હજારો ખેડૂતો તેમના ઉત્પાદનને નિયત કરેલા માપદંડો પ્રમાણે પેકિંગ કરીને ઈ-રેડિએશન કરવા માટે અમદાવાદ મોકલે છે. અમદાવાદના બાવળા ખાતે આવેલા ગુજરાત એગ્રો રેડિયેશન પ્રોસેસિંગ ફેસિલિટી **(GARPF)** ખાતે આ કેરીઓનું ઈ-રેડિએશન કરવામાં આવે છે. ઈ-રેડિએશન કરવા માટે નિકાસકારો પાસેથી પ્રતિબોક્સ નિર્ધારીત કરેલી રકમ વસુલવામાં આવે છે. ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. અને એગ્રિકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટસ એક્પોર્ટ ડેવલોપમેન્ટ ઓથોરિટી **(APEDA)** દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર ગત વર્ષે (૨૦૨૩માં) પણ ૨૦૫ ટનથી વધુ કેરીનું ઈ-રેડિએશન કરી નિકાસ કરાઈ હતી. જ્યારે ચાલુ વર્ષે (૨૦૨૪માં) અત્યારસુધીમાં ૨૧૫ ટનથી વધુ કેરીની નિકાસ અમેરિકા ખાતે કરવામાં આવી છે.

**અમેરિકાથી આવનાર ક્વોરન્ટીન નિરીક્ષક દ્વારા ચકાસણી**

અમેરિકા નિકાસ કરવા માટે આવતી કેરીનું ઈ-રેડિએશન ફરજિયાત છે. આ સમગ્ર પ્રક્રિયા અમેરિકાથી આવનાર ક્વોરન્ટીન નિરીક્ષકની દેખરેખ હેઠળ થાય છે. તેઓ નિકાસ થનાર જથ્થામાંથી કેટલાક સેમ્પલનું ટેસ્ટિંગ કરે છે. જેમાં મુખ્યત્વે સૂક્ષ્મ જીવાણુઓની હાજરી તપાસવામાં આવે છે.

આ નિરીક્ષક તરફથી મળતી રવાનગીને આધારે કેરીના બોક્સ ઉપર ઈ-રેડિએશન થયાનું સર્ટિફીકેટ લગાવવામાં આવે છે. જે કેરી નિકાસ કરવાપાત્ર ગુણવત્તા ધરાવતી હોવાનો મુખ્ય દસ્તાવેજ છે. જો કોઈ બોક્સ પર આવું સર્ટિફીકેટ ન હોય તો તેની નિકાસ થઈ શકતી નથી.

**અમેરિકા ખાતે ૩ કિલો જેટલી કેરીના બોક્સનું વેચાણ ૩૦થી ૩૮ ડોલરમાં થાય**

તાલાળાના ખેડૂતોને કેસર કેરીની નિકાસ થકી અમેરિકામાં ખૂબ સારા ભાવ મળતા હોય છે. ભારત કરતા અલગ રીતે અને વધુ ચોક્કસાઈથી આ કેરીનું પેકેજિંગ કરવામાં આવે છે. એક બોક્સમાં ૩ કિલો જેટલી કેરી મુકવામાં આવે છે. બોક્સની અંદરના ભાગમાં ચારે તરફ જાળીનું આવરણ કરવામાં આવે છે. ઈ-રેડિએશન કરાયેલા એક બોક્સનું વેચાણ અમેરિકા ખાતે ૩૦થી ૩૮ ડોલરમાં કરવામાં આવે છે. આ ભાવનો સીધો ફાયદો નિકાસકાર ખેડૂતને થાય છે.

**બાવળાના ઈ-રેડિએશન પ્લાન્ટને ૨૦૨૨માં કેરીના નિકાસ માટે અમેરિકા દ્વારા લીલીઝંડી**

અમેરિકાના કૃષિ વિભાગ અને પ્લાન્ટ હેલ્થ ઈન્સ્પેક્શન સર્વિસે નેશનલ પ્લાન્ટ પ્રોટેક્શન ઓર્ગેનાઈઝેશન **(NPPO)**ની ટીમ સાથે ગુજરાત એગ્રો પ્રોસેસિંગ પ્રોસેસિંગ ફેસિલિટીનું ઓડિટ કર્યું હતું. તા. ૨ જુલાઈ, ૨૦૨૨ના રોજ બાવળા સ્થિત પ્લાન્ટને મંજૂરી આપવામાં આવી હતી. કેરીની નિકાસ માટે અમેરિકાના કૃષિ વિભાગ અને પ્લાન્ટ હેલ્થ ઈન્સ્પેક્શન સર્વિસની મંજૂરી મેળવનારો આ ગુજરાતનો પહેલો પ્લાન્ટ છે.

**ડુંગળી, બટેટા, અનાજ, કઠોળ, ઈસબગુલ, મસાલા, સૂકી ડુંગળી/સૂકા શાકભાજીને ઈરેડિએટ કરી શકાય તેવી એકમાત્ર સરકારી ફેસેલિટી**

રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના **(RKVY)** હેઠળ ૨૦૧૪માં અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે કૃષિ અને પ્રોસેસ્ડ ખાદ્ય ઉત્પાદનો માટે ૧,૦૦૦ કિલો-ક્યુરી **(kCi)** મલ્ટીપર્પઝ સ્પ્લિટ ટાઈપ, પેલેટાઈઝ્ડ રેડિએશન પ્રોસેસિંગ સુવિધા સ્થાપિત કરવામાં આવી છે. રાજ્ય સરકાર હસ્તકના ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ **(GAIC)** દ્વારા આ મલ્ટિ પર્પઝ રેડિએશન પ્રોસેસિંગ પ્લાન્ટનું નિર્માણ કેન્દ્ર સરકારની ૧૭.૫૦ કરોડની ગ્રાન્ટમાંથી કરાયું હતું.

ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર **(BARC)** અને બોર્ડ ઓફ રેડિએશન અને આઈસોટોપ ટેકનોલોજીના **(BRIT)** ટેક્નિકલ માર્ગદર્શન અને સહાયથી આ સુવિધા વિકસિત કરવામા આવી છે. ભારતમાં આ એકમાત્ર સુવિધા છે જે ડુંગળી, બટેટા, અનાજ, કઠોળ, ઈસબગોલ, મસાલા, સૂકી ડુંગળી/સૂકા શાકભાજીને ઓછા, મધ્યમ અને ઉચ્ચ માત્રાના ડોઝમાં જરૂરિયાત અનુસાર ઈરેડિએટ કરી શકે છે. આમ, અમદાવાદના બાવળાનો આ પ્લાન્ટ નિકાસને પ્રોત્સાહન આપવાના એક અસરકારક પ્રયાસની સાબિતી બન્યો છે. વિદેશના ધારાધોરણો અનુસાર નિકાસ કરવા માટે યોગ્ય ઉત્પાદનોને ઈ-રેડિએટ કરવા માટેના પ્લાન્ટના નિર્માણથી નિકાસકારોને પણ ખૂબ સરળતા અને સુવિધા રહે છે.

## ઈન્વિન્સિબલના ૧૩ સાહસિક યુવા પર્વતારોહકોએ No Drugs Campaign અવરેનેસ અભિયાન અંતર્ગત ૨૦,૦૫૦ ફૂટ ઊંચે ત્રિરંગો લહેરાવ્યો




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૪

ભારત આજે વિશ્વગુરૂ તરીકે પોતાની આગવી ઓળખ ધરાવે છે. જેમાં ઐતહાસિક સમયથી ભારત નિર્માણમાં ગુજરાતની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. જેમાં ગુજરાતીઓ વધુ એક પરાક્રમ જોડ્યુ હતું કે જેમાં રાજકોટના ઉપલેટાના વતની ગૌરાંગ પુરોહિત ઉપરાંત ૧૨ સાહસિક યુવાઓની ટીમ દ્વારા તા. ૧૧ જૂનના રોજ ખુબ મુશ્કેલ ગણાતા પીર પંજાલ રેન્જ સ્થિત હિમાચલમાં આવેલા માઉન્ટ યુનમ કે જેની ઊંચાઈ ૨૦,૦૫૦ ફૂટ છે. જેમાં દુર્ગમ ચઢાણ અને અત્યંત નીચા તાપમાનનો સામનો કરી NO DRUGS CAMPAIGN ઉપક્રમે ગુજરાતના યુવાનોની ટીમે સફળતાપૂર્વક આરોહણ કરીને તેના પર તિરંગો લહેરાવ્યો હતો.

ઈન્વિન્સિબલ એન.જી.ઓ ભારતનું સૌથી મોટું ટ્રેકિંગ અને એડવેન્ચર ઓર્ગેનાઈઝેશન છે જેના દ્વારા આ યુવાઓને ૨ મહિનાની કઠોર તાલીમ આપવામાં આવી હતી. જેમાં દરરોજ ૫ કિમી.નું રનીંગ, સામાન સાથે ચઢ ઉતરની પ્રેક્ટિસ અને યોગ પ્રાણાયામનો અભ્યાસ, ટ્રેકિંગ અને પર્વતારોહણનો આગવો અનુભવ ધરાવતા પ્રતિયોગીઓની પસંદગી કરવામાં આવી હતી. આ ઉપરાંત વિડિયો લેક્ચર દ્વારા ટેકનિકલ તાલીમ આપવામાં આવી હતી અને ત્યારબાદ શારીરિક કસોટીના આધારે તેઓની પસંદગી કરવામાં આવી હતી.

તા.૫ જૂન ના રોજ મુશ્કેલ ગણાતા માઉન્ટ યનમ તરફ પ્રયાણ કર્યું હતું અને તા.૧૧ જૂનના રોજ સમિટ કરી ૨૦,૩૦૦ ફૂટની ઊંચાઈએ તિરંગો લહેરાવ્યો હતો તથા ઈન્વિન્સિબલ એન.જી.ઓ છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી રહેલા ડ્રગ્સના દૂષણને નાબૂદ કરવા રાત દિવસ પ્રયત્નો કરી રહી છે માટે NO DRUGS CAMPAIGN નો મેસેજ આપ્યો હતો. જેથી યુવાઓમાં ડ્રગ્સ માટેની જાગૃતતા વધે માટે સમગ્ર ટીમને ઈન્વિન્સિબલ એન.જી.ઓ દ્વારા સ્પોન્સર કરવામાં આવી હતી. આ ૧૩ સાહસિક યુવાઓની ટીમમાંથી ગૌરાંગ પુરોહિત ઉપરાંત જયપાલસિંહ ભાટી, સોહેલ મુસલા, ધ્રુવિલ ડાભી, ધ્રુવિન ધારાણીએ ત્રિરંગો લહેરાવી દેશનું ગૌરવ વધાર્યું હતું. ઈન્વિન્સિબલના આ પર્વતારોહકોનું નો ડ્રગ્સ અવરેનેસ અભિયાન ખૂબ જ પ્રશંશનીય છે.

### સીઆઈઆઈ, આઈટીસી હોટેલ્સ અને ઈએચએલ ગૃપે

## ગુજરાતમાં ઈએચએલ સ્વિસ પ્રોફેશનલ ડિપ્લોમાં દ્વારા વીઈટી ઓફર કરવા માટે તેમના સહયોગનું વિસ્તરણ કર્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૪




કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ) દ્વારા હાથ ધરવામાં આવેલા ભારતીય આતિથ્ય સત્કારમાં કૌશલ્ય વિકાસ માટે એક મહત્વપૂર્ણ પહેલ અંતર્ગત સ્વિટ્ઝર્લેન્ડની ઈએચએલ હોસ્પિટાલિટી બિઝનેસ સ્કૂલ દ્વારા ઓફર કરવામાં આવતો ૧૮ મહિનાનો વોકેશનલ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ (વીઈટી) પ્રોફેશનલ ડિપ્લોમા પ્રોગામ હવે પહોંચાડવામાં આવશે. આઈટીસી મૌર્ય (નવી દિલ્હી), આઈટીસી રોયલ બંગાળ (કોલકાતા), આઈટીસી ગાર્ડનિયા (બેંગલુરૂ), આઈટીસી મરાઠા (મુંબઈ), આઈટીસી ગાન્ડ ચોલા (ચેન્નાઈ), આઈટીસી રાજપૂતાના (જયપુર), આઈટીસી નર્મદા (અમદાવાદ) અને આઈટીસી પ્રોપર્ટીમાં વિદ્યાર્થીઓની નવી બેચનો સમાવેશ કરવામાં આવશે.

સીઆઈઆઈએ ઈએચએલ પ્રોગામ દ્વારા વીઈટીને સફળતાપૂર્વક પૂર્ણ કરવા પર તેના વિદ્યાર્થીઓને જોબ પ્લેસમેન્ટની ખાતરી આપી છે. જેને વિશ્વભરમાં તમામ મોટી હોસ્પિટાલિટી ચેઈન્સ દ્વારા માન્યતા આપવામાં આવી છે.

કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીના સલાહકાર પ્રવીણ રોયે જણાવ્યું હતું કે, "ભારતમાં પર્યટન અને હોસ્પિટાલિટી ક્ષેત્રની અંદર હાયરિંગમાં આ ઉદ્યોગ ૧૫-૨૦ટકાની વૃદ્ધિ માટે સજ્જ છે. સીઆઈઆઈ, આઈટીસી હોટેલ્સ સાથે વ્યૂહાત્મક જોડાણ અને ઈએચએલ હોસ્પિટાલિટી બિઝનેસ સ્કૂલ સાથે શૈક્ષણિક ભાગીદારી સાથે, ઈએચએલ-પ્રમાણિત ટ્રેનર્સની મદદથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને તાલીમ આપશે, જેઓ ડિપાર્ટમેન્ટ મેનેજર પણ છે, આ કાર્યક્રમ ખરેખર ઉદ્યોગ દ્વારા, ઉદ્યોગ અને વિદ્યાર્થીઓ માટે છે."

વૈશ્વિક માન્યતા પ્રાપ્ત વ્યાવસાયિક તાલીમ માટે ભારતમાં ચોક્કસ જરૂરિયાત છે જે પ્રતિભાશાળી આતિથ્ય વ્યાવસાયિકોનો પૂલ બનાવી શકે છે. ઈએચએલ પ્રોગામ દ્વારા વીઈટી કૌશલ્યના અંતરને દૂર કરશે અને વૈશ્વિક હોસ્પિટાલિટી વર્કફોર્સ સપ્લાયર તરીકે ભારતની સ્થિતિને પ્રજબૂત બનાવશે. તે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ વિશ્વમાં હોટેલ્સ, એરલાઈન્સ, ક્રુઝ લાઈન્સ અને કેટરિંગ અને ટ્રાવેલ ઉદ્યોગ સહિત હોસ્પિટાલિટી ઉદ્યોગમાં કારકિર્દી માટે યુવાનોને વૈશ્વિક કક્ષાના ધોરણો સુધી તાલીમ આપશે.

આઈટીસી હોટેલ્સના ટેલેન્ટ મેનેજમેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ નિલેશ મિત્રાએ જણાવ્યું હતું કે, "અમે ચાર હોટેલ્સ સાથે આ કાર્યક્રમની શરૂઆત કરી હતી અને હવે તેને અપગ્રેડ કરીને 111 કરવામાં આવી છે. આ દર્શાવે છે કે દેશમાં હોસ્પિટાલિટીના વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ કેટલો સારો પ્રતિસાદ મળ્યો છે. આ પ્રોગામને અન્યોથી અલગ પાડતી બાબત એ છે કે આઈટીસી ખાતેના દરેક વિદ્યાર્થીને વાસ્તવિક કાર્ય વાતાવરણમાં તાલીમ આપવામાં આવે છે, જે તેમને અનુભવ અને જ્ઞાન બંને પ્રાપ્ત કરવાની મંજૂરી આપે છે. સીઆઈઆઈ અને ઈએચએલ ઓનબોર્ડ સાથે, અમે માત્ર ઈએચએલ પ્રોગામ દ્વારા વીઈટી હેઠળ વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે ઉપલબ્ધ વધુ હોટેલ્સ ઉમેરવાનો ઈસદો ધરાવીએ છીએ. આ કાર્યક્રમ અમને અમારી પ્રતિભા પાઈપલાઈનને મજબૂત બનાવવાની મંજૂરી આપશે કારણ કે આપણે દેશમાં અમારી હાજરીને વિસ્તૃત કરવાનું ચાલુ રાખીએ છીએ. અમે ૨૦૨૫ માં આ કાર્યક્રમમાં વધુ હોટલો ઉમેરવાનો ઈરાદો ધરાવીએ છીએ." "આઈટીસી હોટેલ્સના નિષ્ણાતો પાસેથી શીખવાથી ભિદ્યાર્થીઓને શ્રેષ્ઠ અનુભવ મળશે. આઈટીસી હોટેલ્સ ભારતીય આતિથ્ય-સત્કારનો પર્યાય બની ગઈ છે. જે શિક્ષણની ઉત્તમ ગુણવત્તાની ખાતરી આપે છે."



ડોકટર સાહેબ, આ છુટાછેડા લેવાના વિચારો દુર થાય તે માટે કોઈ દવા આપો ને.!



આ લગ્ન માટે જેટલા ખર્ચ નથી થતાં તેટલા છુટાછેડા માટે થાય છે.!



આ કાળઝાળ ગરમીમાં કોઈ શિખંડ પુરી ખવડાવે તો કેવી મજા આવે?

માનવજીવન સુરક્ષા સંદર્ભમાં કોઈ સમાધાન ન હોવું જોઈએ, માનવ જીવન સુરક્ષા આપણી સૌથી પહેલી પ્રાયોરિટીઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં રાજ્યની મહાનગરપાલિકા-નગરપાલિકાઓને સર્વાંગી વિકાસ માટે રૂા.૨૧૧૧ કરોડના ચેક અર્પણનો ગૌરવશાળી સમારોહ ગાંધીનગરમાં સંપન્ન




(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માનવજીવન સુરક્ષાને સૌથી પહેલી પ્રાયોરિટી આપવા સ્પષ્ટ તાકીદ કરી છે. માનવ જીવન સુરક્ષા સંદર્ભમાં કોઈ સમાધાન ન હોવું જોઈએ એમ પણ તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વિકાસની આપણી તેજ રફ્તારમાં વિકાસ જેના માટે છે એ માનવીઓનું ધ્યાન રાખવું પણ જરૂરી છે.

મુખ્યમંત્રી ગાંધીનગરના મહાત્મા મંદિરમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને વિકાસ કામો માટેની ગ્રાન્ટના કુલ ૨૧૧૧ કરોડ રૂપિયાના ચેક વિતરણ અવસરે સંબોધન કરી રહ્યા હતા.

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્યની નગરપાલિકા-મહાનગરપાલિકાઓમાં વિકાસના અનેક સારા કામો થયા છે. આમ છતાં, ક્યાંક કોઈ કચાશ કે ઢીલાશ રહી જાય છે. આ સ્થિતિ નિવારવા માટે પદાધિકારીઓ-અધિકારીઓને આહવાન કરતાં તેમણે કહ્યું કે, વિકાસ કામોની ગુણવત્તા-ક્વોલિટીનું સમયાંતરે મોનિટરિંગ સાથે બેસીને થાય તે જરૂરી છે. એટલું જ નહીં, પ્રજાજનોની નાની-નાની ફરિયાદો પર પણ ધ્યાન આપીને તેનું યોગ્ય અને ત્વરિત નિવારણ થાય તે જ વિકાસની સાચી દિશા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નગર પાલિકાઓ - મહાનગર પાલિકાઓને વિકાસ કામો માટે નાણાંની કોઈ કમી વડાપ્રધાન નરેન્દ્રભાઈના સુશાસનમાં રહી જ નથી તેનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે આ અંગે વધુમાં કહ્યું કે, જે નગર પાલિકાઓ-મહાનગરપાલિકાઓ સારાં કામ કરે છે તેને વધુ વિકાસ કામો માટે લોકહિત કામો માટે વધુ નાણાંની જરૂરિયાત હશે તો તે પૂરી કરવા પણ રાજ્ય સરકાર તૈયાર છે. મુખ્યમંત્રીએ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ, અને સૌના પ્રયાસના ધ્યેય મંત્રને આગળ ધપાવવાની પ્રેરણા આપતા ઉમેર્યું કે, વડાપ્રધાનએ રોજિંદા જનજીવનમાં આપેલા મિશન લાઇફના આપેલા વિચારને સાકાર કરવા માટે ઘનિષ્ઠ વૃક્ષારોપણ નગરોમાં કરવું જરૂરી છે. તેમણે પર્યાવરણ અનુકૂલન વિકાસ સાથે સર્વગ્રાહી વિકાસ દ્વારા ગુજરાતને વિકસિત ભારતના સંકલ્પમાં અગ્રેસર રાખવા પણ આ તકે અનુરોધ કર્યો હતો. મુખ્ય સચિવ રાજકુમારે ગુજરાતને દેશનું સૌથી અર્બનાઇઝ્ડ રાજ્ય ગણાવતા કહ્યું હતું કે, દેશમાં વધી રહેલા શહેરીકરણને ધ્યાને લઈને ગુજરાતના શહેરોમાં અદ્યતન સુવિધાઓ વિકસાવવા ૨૦૦૯-૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મૂકી હતી. ગુજરાતના શહેરોને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જવા રાજ્ય સરકારે આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં રૂ. ૩૮,૦૦૦ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરી છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાનએ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા કરેલા સંકલ્પને પરિપૂર્ણ કરવામાં ગુજરાતના વિકસિત શહેરો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગુજરાતના વિવિધ શહેરોમાં આગવી ઓળખના વિવિધ કામો માટે રૂ. ૨૫,૦૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, જે પૈકીના ૯૦ ટકા કામો પૂર્ણ થયા છે. જ્યારે, રોડ રિસર્ફેસિંગના કામો માટે મુખ્યમંત્રી સડક યોજના હેઠળ મંજૂર કામોના ૯૫ ટકા કામો પૂર્ણ થયા છે.

તેમણે કહ્યું કે, શહેરોના આઉટગ્રોથ વિસ્તારના વિકાસના ૭૬ ટકા કામો પૂર્ણ થયા છે. અમૃત યોજના અંતર્ગત રૂ. ૫૧૬૭ કરોડના ૪૫૨ કામો પૈકી ૯૦ ટકા કામો પૂર્ણ થયા છે. આ ઉપરાંત સ્માર્ટ સિટી મિશન અંતર્ગત ગુજરાતના ૬ શહેરોના વિકાસ માટે રૂ. ૧૧,૬૫૦ કરોડના ૩૫૭ કામો મંજૂર કરવામાં આવ્યા હતા, જે ૯૦ ટકા પૂર્ણ થયા છે.

ગુજરાતે પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી અંતર્ગત ૮.૫૭ લાખ આવાસોના કામ પૂર્ણ કરી અભૂતપૂર્વ સિદ્ધિ મેળવી છે, ગુજરાતને આ માટે રાષ્ટ્રીય કક્ષાના વિવિધ ૬ એવોર્ડ પણ મળ્યા છે. સ્વચ્છ ભારત મિશન હેઠળ વેસ્ટ પાણીને રિસાઈકલ કરી, રાજ્ય સરકાર વાર્ષિક રૂ. ૧,૦૦૦ કરોડની આવક મેળવી રહી છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, રાજ્યની અંદાજે ૫૦ ટકા જેટલી વસ્તી જ્યારે શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે ત્યારે નાગરિકોને પાયાની ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં શહેરી વિકાસ કાર્યો માટે છેલ્લા એક વર્ષમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અંદાજે કુલ રૂ.૫,૭૦૭ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે. ૨૦ વર્ષ અગાઉ શહેરોના વિકાસ માટે લગભગ રૂ.૨૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવતું હતું જ્યારે આ વર્ષના બજેટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં શહેરોના સર્વાંગી વિકાસ માટે અંદાજે રૂ.૨૧,૬૫૪ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે, શહેરી વિકાસ વિભાગના બજેટમાં ૧૦૦ ટકા જેટલો વધારો કર્યો છે તેમ, તેમણે ઉમેર્યું હતું.

આ સમારોહ દરમિયાન શહેરી વિસ્તારોના સર્વાંગી વિકાસની ઝાંખી રજૂ કરતી દસ્તાવેજી ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સી.ઈ.ઓ બી. બી. વહોનીયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચેક અર્પણ સમારોહ દરમિયાન મુખ્યમંત્રીના હસ્તે અમદાવાદ મહાનગરપાલિકાને રૂ. ૬૭૩ કરોડ, સુરત મહાનગરપાલિકાને રૂ. ૫૧૬ કરોડ, વડોદરા મહાનગર પાલિકાને રૂ. ૧૮૮ કરોડ, રાજકોટ મહાનગર પાલિકાને રૂ. ૧૪૮ કરોડ, ભાવનગર મહાનગરપાલિકાને રૂ. ૬૯ કરોડ, જામનગર મહાનગર પાલિકાને રૂ. ૬૬ કરોડ, જૂનાગઢ મહાનગર પાલિકાને રૂ. ૩૪ કરોડ અને ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૩૫ કરોડની રકમના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત રાજ્યની 'અ' વર્ગની ૨૨ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૪ કરોડ, 'બ' વર્ગની ૩૦ નગરપાલિકાઓને નગરપાલિકા દીઠ રૂ. ૩ કરોડ, 'ક' વર્ગની ૬૦ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૨.૨૫ કરોડ અને 'ડ' વર્ગની ૪૫ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૧.૫ કરોડ એમ કુલ રૂ. ૩૮૨ કરોડ સહિત સમગ્રતયા રૂ. ૨,૧૧૧ કરોડની ગ્રાન્ટના ચેક વિતરણ થયા હતા.

આ પ્રસંગે શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, સંસદ સભ્યશ્રી, ધારાસભ્યઓ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા સહિત રાજ્યની વિવિધ મહાનગરપાલિકાના મેયરઓ, ડેપ્યુટી મેયરઓ, નગરપાલિકાના પ્રમુખઓ, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, કમિશનર મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન રાજકુમાર બેનીવાલ, હાઉસિંગ બોર્ડના સચિવ આર. જી. ગોહિલ, મ્યુનિસિપલ કમિશનરઓ, ચીફ ઓફિસરઓ સહિત પદાધિકારી-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર વડનગર રોડ ઉપર રસ્તાની બંને બાજુ ગટર ખુલ્લી કરાવવા ખેડૂતોએ આવેદનપત્ર

**ગટર ખુલ્લી નહિ થાય અને જો પશુઓનો ઘાસચારો બગડશે તો ખેડૂતો પોતાના પશુઓને મામલતદાર કચેરી ખાતે બાંધી જવાની ચીમકી ઉચ્ચારી**



(અલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા.૧૪

કોડીનાર વડનગર રોડ પર રહેતા અમુક ખેડૂતોએ પોતાની જમીનમાં જવા માટે પાણીના નિકાલ માટેની ગટર બંધ કરી રસ્તો બનાવી દેતા આ વિસ્તારની ૧૫૦ થી ૨૦૦ વીઘા જમીનમાં ચોમાસા દરમિયાન વરસાદી વાણી ભરાઈ જવાથી પાક નિષ્ફળ જાય છે. ત્યારે ચોમાસા પહેલા આ ગટરમાં થયેલા દબાણો દૂર કરી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા થાય તેવી માંગ સાથે આ વિસ્તારના ખેડૂતોએ કોડીનાર મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું અને જો દબાણ દૂર નહીં થાય અને જમીનો માં પાણી ભરાવાથી પાક નિષ્ફળ જશે તો પોતાના પશુઓને મામલતદાર ઓફિસ ખાતે બાંધી અને આંદોલન કરવાની ચીમકી ઉચ્ચરી હતી.

આવેદન પત્ર માં જણાવ્યા મુજબ કોડીનાર વડનગર રોડ ઉપર રસ્તા ની બંને સાઈડ સરકાર દ્વારા ચોમાસા દરમ્યાન વરસાદી પાણીના નિકાલ માટે ગટર વ્યસ્થા કરવામાં આવેલી છે. જેમાં કેટલાક ખેડૂતો દ્વારા ગટર બંધ કરી છે તો અમુકે ખેડૂતો તો ગટર બંધ કરી તેનીઉપર ખેતર બનાવી નાખ્યા છે તથા ઘણા ખેડૂતોએ પોતાના ખેતરમાં જવા ગટરમાં પાણી નો નિકાલ ના થાય એ રીતે બંધ કરી અને રસ્તા કર્યા છે, જેના લીધે પાણી ગટર મારફત પાણી નદીમાં જઈ શકતું નથી અને અન્ય નીચાણ વાળા વિસ્તારમાં ખેડૂતોના ખેતરો છે એમને ચોમાસા દરમિયાન એમના ખેતરોમાં પાણી ભરાય રહે છે અને આશરે ૧૫૦ થી ૨૦૦ વીઘા જેટલી જમીનમાં ચોમાસું પાક નિષ્ફળ જાય છે. જેના લીધે માત્ર પાક જ નિષ્ફળ નથી જતો પરંતુ વાડી વિસ્તાર માં રહેતા ખેડૂતોના ઘરો માં પણ પાણી ઘુસી જાય છે.

વડનગર કોડીનાર રોડ ઉપર મુરઘા ફાર્મ ટી સી ના નામે ઓળખાતું નાળું જેમાં બંને બાજુ પાણી ડાયવર્ટ કરવા માટે નાળાનું લેવલ સરખું કરેલ હતું પરંતુ અમુક માથાભારે તત્વો દ્વારા પોતાના જે સી બી મશીન દ્વારા રાત્રીના સમયે નાળાની તોડફોડ કરેલ છે જેની પણ તપાસ કરી અને જણાય તો કડક કાર્યવાહી નો વિષય બને છે.

ગયા વર્ષે સર્વે ખેડૂતો દ્વારા જિલ્લા કલેકટર, મામલતદાર કોડીનાર તથા અન્ય સંલગ્ન અધિકારીઓને રજૂઆત કરેલ પરંતુ કોઈ પણ જાતનું નિવારણ આવેલ નથી અને આ વર્ષે પણ જો કોઈ નિવારણ લાવવમાં નહિ આવે તો ખેડૂતોને જે નુકશાની થશે એની જવાબદારી સરકારના શિરે રહેશે તથા પાણી ભરાશે અને અમારા પશુઓનો ઘાસ ચારો બગડશે તો અમે ખેડૂતો અમારા પશુઓને મામલતદાર કચેરી ખાતે બાંધી જશું જેની જવાબદારી પણ સરકારની રહેશે તેવું જણાવી ૧૫૦ થી ૨૦૦ ખેડૂતો તથા તેમના પરિવારો ગાંધી ચિંધ્યા માર્ગે લડત કરશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

## ખંભાળિયામાં રવિવારે રઘુવંશી જ્ઞાતિના તેજસ્વી તારલાઓને સન્માનિત કરાશે

(પ્રતિનિધી દ્વારા)


જામ ખંભાળિયા, તા.૧૪

ખંભાળિયામાં રઘુવંશી જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે સક્રિય એવી સેવા સંસ્થા શ્રી રઘુવંશી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે આગામી રવિવાર તારીખ ૧૬ ના રોજ અત્રે વી.ડી. બરછા નવી લોહાણા મહાજન વાડી ખાતે જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ રઘુવંશી જ્ઞાતિના ધોરણ ૧ થી ૧૨ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેના "માં સરસ્વતી સન્માન સમારોહ"માં રવિવારે સાંજે ૭ વાગ્યાથી યોજાયેલા આ આયોજનમાં કુલ ૨૬૭ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે. આ શૈક્ષણિક સેવા પ્રવૃત્તિ માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ જ્ઞાતિના અનેક દાતાઓનો સહયોગ નોંધપાત્ર બની રહ્યો છે.

આ સાથે ખંભાળિયાના મૂળ રહીશ અને ડોકટર. સી.એ., સી.એસ., આઈ.સી.ડબલ્યુ.એ., એન્જિનિયરિંગ વિગેરે જેવા પ્રોફેશનલ કોર્સમાં સિદ્ધિ હાંસલ કરીને ખંભાળિયા રઘુવંશી જ્ઞાતિનું નામ રોશન કરનારા ઉપરાંત સરકારી નોકરીમાં પરમેનેન્ટ થયા હોય તે તમામને પણ સન્માનિત કરવામાં આવશે.

# ઉના ભાવનગર નેશનલ હાઈવે પર અકસ્માતમાં બાઈક ચાલકનું મોત




(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૪

ઉનાથી ભાવનગર જતો નેશનલ હાઈવે રોડ ઉપર આજે બપોર ના સમયે અમરેલી જિલ્લા ના ખાંભા તાલુકાના સરાખડીયા ગામ નો યુવાન રમેશ ભાઈ ચિથર ભાઈ વાઘ પોતાના કબજા વાળી મોટર સાયકલ નંબર **GJ 14AR 6733** ઉપર ખાંભા ગામે થી ટીંબી ગામે કામ બાબતે જતા હતા ત્યારે ઊના તાલુકાના ગાંગડા ગામ પાસે પોહચતા પાછળ થી એક મોટર કાર નંબર **GJ 14 AA 4777** ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈ થી મોટર કાર ચલાવી આગળ જતા મોટર સાયકલ ને મોટર ની ટક્કર મારતાં મોટર સાયકલ જઈ રહેલા રમેશ ભાઈ રોડ ઉપર પડી ગયા હતા અને માથા મા ગંભીર ઈજાઓ થવા થી ઘટના સ્થળે મોત થયું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે મોટર સાયકલ નું આગલું વિહલ્ બુકડો બોલી ગયું હતું મોટર નો આગળ નો ભાગ પણ તૂટી ગયો હતો. મોટર કાર ચાલક અકસ્માત કરી મોટર મૂકી નાસી ગયો હતો. લોકો ના ટોળે ટોળા સ્થળ ઉપર ભેગા થઈ ગયા હતા અને પોલીસ ને જાણ કરતા પોલીસે મૃતક ની લાશ પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલે ખસેડવામાં આવી હતી ફરિયાદ લેવાની કાર્ય વાહી કરી રહી છે.

# જૂનાગઢ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ની ૬૫ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

જૂનાગઢ તા. ૧૪

શ્રી જૂનાગઢ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ની ૬૫ મી વાર્ષિક સાધારણ સભા તા.૧૦-૦૬-૨૦૨૪ ને સોમવારના રોજ દોમડીયાવાડી, ભુતનાથ મંદિર રોડ, જૂનાગઢ મુકામે મળેલ હતી.




જેમાં સંસ્થાના કાર્યક્ષેત્ર જૂનાગઢ, ગીરસોમનાથ, પોરબંદરના સભાસદ ભાઈઓ આવેલ હતા. તેમાં સંસ્થાની વિસ્તૃત માહીતી સંસ્થાના પ્રમુખ લક્ષ્મણભાઈ આર. યાદવએ આપતા જણાવેલ કે આ વર્ષે સંસ્થાએ ૩૬,૮૬,૯૪૧-૦૪ જેવો નફો કરેલ છે તથા સંસ્થાના સભાસદોને ૧૫ ટકા જેવુ ડીવીડંડ આપેલ છે. તેમજ સંસ્થાના ધંધાની માહીતી આપેલ હતી.

સંસ્થાએ તેમના કાર્યક્ષેત્રના ત્રણેય જિલ્લાના ખેડુત ભાઈઓને રાસાયણીક ખાતરો સમયસર પુરા પાડેલ અને ખેત ઉત્પાદનની જરૂરી જણસીઓ પુરી પાડેલ છે. સંસ્થાની સાધારણ સભામાં શ્રી અમરેલી જિલ્લા સહ.ખ.વે.સંઘ.લી.ના પ્રમુખ ઘનજીભાઈ પાનસુરીયા ખાસ મહેમાન પદે ઉપસ્થિત રહેલા અને સંસ્થાની પ્રવૃત્તિ તથા પ્રગતી વિષે સંબોધન કરેલ હતું. તેઓનું સ્વાગત સંસ્થાના પ્રમુખ લક્ષ્મણભાઈ આર. યાદવ તથા ગુજરાત રાજયના માજી મંત્રીશ્રી તેમજ જૂનાગઢ જિલ્લા સહકારી બેંક ના પુર્વ પ્રમુખજશાભાઈ બારડએ કરેલ હતું અને જૂનાગઢ જિલ્લા સહકારી બેંક લી.ના ઉપપ્રમુખ તેમજ ગુજકોમાસોલ ગાંધીનગરના સીની. ડીરેકટર તેમજ જૂનાગઢ જિલ્લા સહકારી ખ.વે.સંઘ.લી.ના સીની. ડીરેકટર મનુભાઈ એલ. ખુંટીએ સ્વાગત પ્રવચન કરેલ અને સંસ્થાની પ્રવૃતિ વિષે માહીતી આપેલ હતી. ત્યારબાદ આભાર પ્રવચન સંસ્થાના ઉપપ્રમુખ જયેશભાઈ ગુંદાણીયાએ કરેલ હતું. સદર મીટીંગનું સંચાલન સંસ્થાના જનરલ મેનેજર પ્રવિણભાઈ પોપટે કરેલ હતું.

# પ્રાંચી તીર્થ ખાતે કોળી સમાજમાં વિના મૂલ્યે નેત્ર નિદાન, દંત યજ્ઞ, હાર્ડવૈદ, જનરલ ચેકઅપ કેમ્પનું આયોજન




નોંધ-દરેક દર્દીઓ ને આધાર કાર્ડ તથા માસ્ક ફરજીયાત સાથે લાવવુ.

(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૪

પ્રાંચી તીર્થ ખાતે તા.૧૮/૬/૨૪ ને મંગળવાર ના રોજ શ્રી કોળી સમાજ ભવન વેરાવળ - કોડીનાર હાઈવે રોડ ઉપર વિના મૂલ્ય શ્રી સદગુરૂ સુપર મેગા નેત્રયજ્ઞ નિદાન કેમ્પ તથા દંત યજ્ઞ, હાર્ડવૈદ, જનરલ ચેકઅપ કેમ્પ રાખવામાં આવેલ છે જેમાં રણછોડદાસજી આંખની હોસ્પિટલ રાજકોટના સેવાભાવી ડોકટરો તથા સ્ટાફ પોતાનું યોગદાન આપશે તથા હાર્ડવૈદ રવિરાજભાઈ તથા હમીરભાઈ તથા ડો.રોહિતભાઈ પટેલ પ્રાચી તીર્થ તથા દાંતના ડોક્ટર નયનાબેન રાવલીયા અક્ષર ડેન્ટલ ક્લિનિક વેરાવળ પોતાની સેવાઓ આપશે આ વિનામુલ્યે સદગુરૂ નેત્રયજ્ઞમાં આંખના રોગોનું નિદાન કરી જરૂરીયાતવાળા મોતીયાના દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલની બસમાં લઈ જઈ અન્યાધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ ( નેત્રમણી ) સાથે વિનામુલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે આવનાર દરેક દર્દીઓને રહેવા ,જમવા , શુધ્ધ ઘીનો શીરો, ચા પાણી – નાસ્તો,ચશ્માં,દવા, ટીપા મફત આપવામાં આવશે આ ઉપરાંત ઓપરેશન થયા બાદ દર્દીઓને કેમ્પના સ્થળે પરત મુક્વાની પણ વ્યવસ્થા હોસ્પિટલ તરફથી કરવામાં આવી છે આ કેમ્પમાં દર્દીઓને કોઈ પ્રકારની તકલીફ ન પડે તે માટે રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા બધા જ પ્રકારની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે આ ઉપરાંત દરેક દર્દીને કોઈ બિમારી હોય તો પણ તેની તકેદારી રાખીને તેનું નિદાન કરવામાં આવનાર છે આ કેમ્પના આંખના દર્દીઓને બહોળી સંખ્યામાં લાભ લેવા પત્રકાર જાદવભાઈ ચુડાસમા પ્રાચી તીર્થ મો. ૯૯૭૮૫ ૨૩૧૮૨ ગાયત્રી સ્ટીલ એન્ડ પ્લાસ્ટિક વેર, ગાયત્રી સ્ટીલ એન્ડ કિચન વેર માધવરાય રોડ મોક્ષ પીપળા ની બાજુ માં સંપર્ક કરવા દર્દીને અનુરોધ કરાયો છે. (તસ્વીર : જાદવ ચુડાસમા)

# ખંભાળિયામાં રવિવારે રઘુવંશી જ્ઞાતિના તેજસ્વી તારલાઓને સન્માનિત કરાશે

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૪

ખંભાળિયામાં રઘુવંશી જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે સક્રિય એવી સેવા સંસ્થા શ્રી રઘુવંશી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે આગામી રવિવાર તારીખ ૧૬ ના રોજ અત્રે વી.ડી. બરછા નવી લોહાણા મહાજન વાડી ખાતે જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રઘુવંશી જ્ઞાતિના ધોરણ ૧ થી ૧૨ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેના "માં સરસ્વતી સન્માન સમારોહ"માં રવિવારે સાંજે ૫ વાગ્યાથી યોજાયેલા આ આયોજનમાં કુલ ૨૬૭ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે. આ શૈક્ષણિક સેવા પ્રવૃત્તિ માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ જ્ઞાતિના અનેક દાતાઓનો સહયોગ નોંધપાત્ર બની રહ્યો છે. જે માટે શ્રી રઘુવંશી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની જહેમત સાથે લોહાણા મહાજન ટ્રસ્ટ તેમજ કાર્યકરો દ્વારા જરૂરી સાથ સહકાર પણ સાંપળ્યો છે.

# ગીરગઢડા - ઉના - સુરત બસ



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૪

ચેમ્બર ઓફ કોમર્સ ની સતત રજૂઆતો ના ફળસ્વરૂપે ગઈકાલે તા.૧૩-૬ને ગુરૂવારથી ગીરગઢડા - સુરત એસ.ટી.ની બ્રાન્ડ ન્યૂ લકઝરી સીટિંગ-સ્લીપિંગ બસ એસ. ટી. ડિવિઝન દ્વારા ચાલુ કરવામાં આવેલ છે. આ બસ ગીરગઢડા થી સાંજના ૪.૩૦ વાગ્યે ઉપડશે અને વાયા ઉના, મહુવા, તળાજા, ભાવનગર, થઈને સવારે ૭.૦૦ સુરત પહોંચશે. સુરતથી આ જ બસ સાંજના ૫.૦૦ વાગ્યે ઉપડી ઉપરોક્ત રૂટ ઉપર થઈને સવારે ૭.૩૦ વાગે ગીરગઢડા પહોંચશે. ગીરગઢડા ગામના તેમજ આજુબાજુના ગામોની જનતાને આ બસ રૂટનો લાભ લેવા યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ આરટીઓ દ્વારા ૨૦ સ્કુલ વાન ચાલકોને ૮૫ હજારનો દંડ ફટકારાયો




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

રાજકોટના ગેમ ઝોનમાં ફાયર સેફ્ટી બાદ જે રીતે આખા રાજ્યમાં તમામ બિલ્ડીંગોમાં ફાયર સેફ્ટીને લઈને મહાનગરોમાં સ્થાનિક તંત્ર દ્વારા ઘોંસ બોલાવાઈ છે. એજ રીતે સ્કુલ વાન અથવા રીક્ષાઓમાં શાળાએ જતા બાળકોની સેફ્ટીને લઈને પણ આરટીઓએ ઘોંસ બોલાવી છે. જૂનાગઢ શહેરમાં ગઈકાલે સવારે આરટીઓ અધિકારી મહેશ આંબલિયાની આગેવાની હેઠળ અધિકારીઓએ મધુરમ વિસ્તારમાં રોડ ઉપરથી પસાર થતી તમામ સ્કુલ વાનને રોકીને ચેકીંગ હાથ ધર્યુ હતું. જેમાં ૨૦ વાનમાં કાગળો અને નિયમ મુજબની સુવિધા ન હોવાથી તેઓને કુલ રૂ.૮૫ હજારનો દંડ ફટકાર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન સ્કૂલ વાહન તરીકે વપરાતા વાહનોમાં રેડિયમ, બારીઓ ઉપર લોખંડની જાળી, અગ્નિશામક તથા ફર્સ્ટ એડ કીટ, સ્કૂલનું નામ તથા હેલ્પલાઈન નંબર, આ ઉપરાંત ટેક્સ, વીમો, પીયુસી, પરમીટ, ડ્રાઈવીંગ લાયસન્સ વગેરે મુદ્દાઓ અંગે ચેકિંગ કરાયું હતું. પહેલા દિવસે વાલીઓને જાતે બાળકોને મૂકવા જવું પડ્યું, જ્યાં સુધી મડાગાંઠનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી આજ સ્થિતિ ચાલુ રહેશે. જૂનાગઢ સ્કુલ વાન ગૃપના રાજુભાઈ ગોંડલિયા, દક્ષેશભાઈ ડાંગર, પ્રદિપભાઈ બેરા, દિપકભાઈ રૂપારેલીયા સહિતના લોકોએ માંગણી રજૂ કરી છે કે, અમને જૂના નિયમ મુજબ ૧૪ બાળકોને વાનમાં બેસાડવા દે અને કાગળ તૈયાર કરવા માટે ૨ મહિનાની મુદત આપે. એ સિવાય અમારી પાસે સ્વૈચ્છિક રીતેજ આ કામ બંધ કરવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. નવા નિયમ મુજબ, માત્ર ૭ બાળકોને બેસાડી શકીએ. એનો અર્થ એકે, અમે અત્યારે જે બાળક દીઠ રૂ.૧૧૦૦ લઈએ છીએ એ ડબલ કરીને રૂ.૨૨૦૦ લેવા પડે. એની સામે અત્યારે અમારી પાસે એક વાનમાં ૧૪ બાળકોને આરામથી બેસાડી શકીએ એવી વ્યવસ્થા તો છે જ. દરમ્યાન આરટીઓ અધિકારી મહેશ આંબલિયાએ જણાવ્યું હતું કે, બાળકોની સેફ્ટી મુખ્ય મુદ્દો છે. એટલે તમામ સ્કુલ વાહનોને એવો મેસેજ આપવાનો હેતુ છે કે, નિયમ પ્રમાણેની તમામ જોગવાઈઓ વાહનમાં હોવી જોઈશે અને પૂરતા કાગળો પણ હોવા જોઈશે. ચેકીંગ તો રોજેરોજ ચાલુ જ રહેશે. અમારી મિટિંગ વખતે તેમજ વખતો વખત તેઓને તમામ કાગળો તૈયાર રાખવાની સુચના અને સેફ્ટી માટેના માપદંડો પૂરા કરવાની તાકીદ કરીજ છે. એ તેઓએ રાખવા જ પડશે. અન્યથા કાર્યવાહી કરવામાં આવશે.

# જૂનાગઢ મનપામાં ભાજપના ૫૪ પૈકી માત્ર બે જ નગરસેવકે પાંચ વર્ષમાં ૪ પ્રશ્નો પુછયા

## જનતાએ બહુમતી આપી છતાં શાસકોને કોઈ સમસ્યા દેખાતી જ નથી : ભાજપ સામે કોંગ્રેસના બે નગરસેવકોએ ૪૮ પ્રશ્નો પુછયા અને ૫૭ દરખાસ્ત રજુ કરી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ મહાપાલિકાની આગામી તા.૩૧ જુલાઈના રોજ કાર્યકાળ પૂર્ણ થાય છે અને બીજી ટર્મ પુરી થશે. ત્યારબાદ મનપાની ચૂંટણી થશે. ત્યારે આગામી તા.૨૦ જુનના રોજ મનપાનું અંતિમ જનરલ બોર્ડ મળશે. અત્યાર સુધીમાં પાંચ વર્ષના શાસનમાં કુલ ૩૫ જનરલ બોર્ડ મળ્યા જેમાં ભાજપના ૫૪ નગરસેવક પૈકી માત્ર બે જ નગરસેવક એવા હતા તેમને જનતાની સમસ્યા દેખાઈ અને તેઓએ ચાર પ્રશ્નો રજુ કર્યા હતા. તેની સામે કોંગ્રેસના બે નગરસેવકોએ પાંચ વર્ષમાં ૪૮ પ્રશ્નો પુછયા અને ૫૭ દરખાસ્ત રજુ કરી હતી. જૂનાગઢ મહાપાલિકાનું વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ સુધીનું કાર્યકાળ જોઈએ તો શહેરની જનતાએ ૬૦ સીટ પૈકી ૪૮ સીટ ઉપર ભાજપને ફાળે આપેલ છે. તેની સામે કોંગ્રેસની ૩ સીટ અને એનસીપીની પણ ૩ સીટ છે. આમ, કુલ ૬૦ સીટ પૈકી ૫૪ સીટ ઉપર સ્પસ્ટ બહુમતી હોવા છતાં શાસક પક્ષને શહેરના લોકોની સમસ્યાને વાચા આપવા માટે પાંચ વર્ષમાં કેટલા પ્રશ્નો પુછયા અને કેટલી દરખાસ્ત રજુ કરી તે જોઈએ તો ભાજપના નગરસેવક શાંતાબેન મોકરીયાએ વર્ષ ૨૦૨૧માં બે પ્રશ્નો અને સંજય કોરડીયાએ ૨૦૨૨માં બે પ્રશ્નો જનરલ બોર્ડમાં રજુ કર્યા હતા. આ સિવાયના ભાજપના બાવન નગરસેવકોને પાંચ વર્ષમાં એકપણ પ્રશ્ન ન હતો તેની સામે કોંગ્રેસના નગરસેવક લલીત પરસાણાએ અને મંજુલાબેન પરસાણાએ પાંચ વર્ષમાં ૪૮ પ્રશ્નો રજુ કર્યા અને ૫૭ દરખાસ્ત રજુ કરી છે. તેમજ એનસીપી દ્વારા ૧૦ દરખાસ્ત રજુ કરવામાં આવેલી હતી. મહાપાલિકામાં નગરસેવક તરીકે ચૂંટાઈ આવતા કોઈ પણ નગરસેવકને બીપીએમસી એક્ટ મુજબ જનરલ બોર્ડમાં બે પ્રશ્ન અને બે દરખાસ્ત ગમે તે નગરસેવકના ટેકાથી મુકી શકે છે. તેમાય ભાજપના ૫૪ સામે કોંગ્રેસના માત્ર બે નગરસેવક ભારે પડયા હોય તેવા આંકડાઓ સામે આવ્યા છે.

કોંગ્રેઈસના બે નગરસેવકે ૪૮ પ્રશ્નો અને ૫૭ દરખાસ્ત રજુ કરી હતી. જેમાં મુખ્યત્વે મનપાના અધિકારીઓ, પદાધિકારીઓના વાહનોમાં જીપીએસ સિસ્ટમ લગાવવા, લોગ બુક નિભાવવા, વોકળાના દબાણો, પ્રિમોન્સુન કામગીરી, રખડતા શ્વાન અને ઢોર, ભુગર્ભ ગટરને લગતા, આધાર કાર્ડ, કર્મચારીઓના પેન્શન, કાયમી કરવા માટે, પીવાના પાણી, સ્ટ્રીટલાઈટ, સાયકલ ટ્રેક, જોષીપરા કોમ્પ્લેક્ષ, સરોવરના કામમાં બેદરકારી, ગેસની લાઈનમાં બેદરકારી જેવા પ્રશ્નો અંગે ધારદાર રજુઆત કરી છે. જ્યારે ભાપના બે નગરસેવક દ્વારા બોર્ડમાં એવી રજુઆત કરેલી કે, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન અંગેની માહિતી અને બિલોની વિગત આપવી તેમજ ગ્લોબલ વેસ્ટ એજન્સી અંગેની કામગીરીની વિગત માંગી હતી. તો શહેરમાં બીયુ સર્ટીફિકેટ અને ફાયર એનઓસી મામલે જયાં જયાં લાગુ પડે છે ત્યાં સ્થળે નિયમીત મુલાકાત લેવાય છે કે કેમ તેની વિગત આપવી. સાથે મનપા હસ્તકના પ્લોટ, સાર્વજનીક પ્લોટ, દુકાનો ઉપર થયેલા અનધિકૃત દબાણો છે કે કેમ તેને ખુલ્લા કરવામાં કોની જવાબદારી તે વિગત માંગી હતી.

# વંથલી નજીક ગટરમાં ટ્રેક્ટર ખાબકતાં બે યુવાનોના મોત





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૪

વંથલી પાસે ગટરમાં ટ્રેક્ટર ખાબકતા મજૂરી કામે જતા સગીર અને યુવાનનું મૃત્યું નિપજ્યું હતું. અકસ્માત બાદ ડ્રાઈવર નાસી જતાં પોલીસે શોધખોળ હાથ ધરી હતી.

વંથલી પાસેના કણજાધારના ઈબ્રાહીમ ડગલાજીભાઈ મીરનાં કણજાધાર રહેતા કુટુંબી ભત્રીજા રફિકભાઈ અંબાજીભાઈ ઉર્ફે ઉમરભાઈ મીર(ઉ.વ.૩૦) અને તોસીફ જમીલભાઈ મીર(ઉ.વ.૧૫) ગુરૂવારે સવારે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં વંથલી તાલુકાના કણજડી ગામના રમેશભાઈ છુછરના ટ્રેક્ટરમાં બેસી મજૂરી કામ કરવા માટે ગયા હતા. જીજે-૧૧-વીવી-૩૪૪૭ નંબરની ટ્રોલી સાથેના નંબર વગરના ટ્રેક્ટરના કણજડી ગામે રહેતા ચાલક રમેશ ગોવિંદભાઈ છુછરે વંથલી પાસે સાતલપુર ગામ તરફ જતા રસ્તે ટ્રેક્ટરને પૂરઝડપે હંકારતા ટ્રેક્ટર પલ્ટી મારીને ૬ ફૂટ ઉંડી અને ૧૦ ફૂટ પહોળી કાદવ કિચડવાળી ગટરમાં ખાબકતા ટ્રેક્ટરની ટોલી નીચેથી રફિકભાઈ મીર અને તોસીફ જમીલભાઈ મીર ગંભીર હાલતમાં મળી આવતા બંનેને વંથલી સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ ઉપરના તબીબે બંનેને મૃત જાહેર કર્યા હતા. અકસ્માત બાદ ટ્રેક્ટર ડ્રાઈવર નાસી ગયો હતો.

આ અકસ્માતની જાણ થતા પીએસઆઈ વાય. બી. રાણા સહિતનો પોલીસ સ્ટાફ દોડી ગયો હતો અને ઈબ્રાહીમભાઈ મીરની ફરિયાદ લઈ ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ કાર્યવાહી કરી ટ્રેક્ટર ડ્રાઈવરની શોધખોળ હાથ ધરી હતી. વંથલી પંથકમાં યમરાજાના આટા ફેરા વધ્યા હોય તેમ એક અઠવાડિયામાં વાહન અકસ્માતથી ચાર વ્યક્તિના મૃત્યુ નીપજ્યા છે. ગત તા. ૬ જૂનના રોજ વહેલી સવારે વંથલીના સોનારડી પાસે બાઈક સાથે અથડાઈને કાર રોડના ડિવાઈડરમાં ચિરાઈ જતા કારમાં સવાર જૂનાગઢના હિરેન વાણવી અને નવાજ સુમરા નામના યુવકનું મૃત્યું થયું હતું અને ૨ યુવતી સહિત ૭ વ્યક્તિને ઈજા પહોંચી હતી.

આ અકસ્માતને હજુ ૭ દિવસ થયા ત્યાં ગુરૂવારની સવારે વંથલી નજીક ગટરમાં ટ્રેક્ટર ખાબકતા ૨ના મૃત્યું થતાં ગમગીની પ્રસરી ગઈ છે.

# મોવાણા ગામે બોર કરવાનું કંપ્રેશર બંધ કરવા ધમકી આપી ખેડૂત પરિવાર પર ૪ શેઢા પાડોશીનો હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

કેશોદના મોવાણા ગામે અગતરાય જતાં રસ્તે મનસુખભાઈ માવજીભાઈ ભુવા તેમનો ભાઈ અને તેમનો પુત્ર તેમની જમીનના શેઢા નજીક આવેલ ગટરમાં બોર કરાવવા કંપ્રેશન ચલાવી રહ્યાં હતાં. તેવા સમયે અન્ય લોકો પણ ત્યાં હાજર હતાં. તેવામાં મનસુખભાઈની વાડીની પૂર્વ દિશા તરફ ખેતીની જમીન ધરાવતાં ૪ શખ્સો ગટરવાળા રસ્તે ચાલતાં આવી અહીં બોર કરાવવાનું બંધ કરો તેમ કહી ગાળો બોલવા લાગ્યાં હતાં ત્યારે મનસુખભાઈએ ગટરમાં તમારો રસ્તો નીકળતો હશે તો હું મારી જમીનમાંથી તમને રસ્તો કાઢી આપી દઈશ. તેવું કહેતાં અત્યારે જ કંપ્રેશન બંધ કરી દયો તેમ કહી આ ૪ શખ્સો ઉશ્કેરાઈ જઈ શેઢાની વાડમાંથી લાકડાના ધોકા કાઢી લાવી મનસુખભાઈ, તેના ભાઈ, તેના પુત્ર સહિત ચાર લોકો ઉપર હુમલો કર્યો હતો. જેમાં મનસુખભાઈને માથાના અને હાથના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી જયારે ત્યાં હાજર તેના મોટાભાઈને મુકો મારતાં દાંત પાડી નાખ્યાં હતાં. આ હુમલાની ઘટના સમયે હાજર શેઢા પાડોશી લોકોએ વચ્ચે પડતાં આ ચારેય શખ્સો ત્યાંથી ભાગી છૂટયાં હતાં અને જતાં જતાં હવે કંપ્રેશન ચાલું કરશો તો બધાને મારી નાખશું તેવી ધમકી આપતાં ગયાં હતાં. બાદ મનસુખભાઈના દિકરાએ ઈજાગ્રસ્ત તેના પિતા અને મોટા બાપાને બાઈકમાં બેસાડી અને રસ્તામાં સામે મળેલ ૧૦૮ મારફત સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડાયાં હતાં જયાં મનસુખભાઈની ફરિયાદનાં આધારે પોલીસે મોવાણાના કારા કાસમભાઈ ગામેતી, હુસેન હાસમભાઈ ગામેતી, મહમદ હુસેનભાઈ ગામેતી, ઈસુબ આમદભાઈ ગામેતી વિરૂધ્ધ ગુન્હોં નોંધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ ડીડીઓ ઓફીસમાં 3 શખ્સોએ ધમાલ મચાવી : ફરજમાં રૂકાવટની ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારીની ઓફિસમાં ગેરરીતિના મુદ્દે રજૂઆત કરવા ગયેલા ૩ શખ્સે ધમાલ કરી, ચેમ્બરમાં મોબાઈલથી વીડિયો ઉતારી સોશ્યલ મીડિયામાં લાઈવ થઈ ફરજમાં રૂકાવટ કરી હોવાની પોલીસમાં ફરિયાદ થઈ છે. આ અંગે જૂનાગઢ જિલ્લા પંચાયતોમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ફરજ બજાવતા મીરાબેન જીતેન્દ્રભાઈ સોમપુરાએ સી ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે, તેઓને ગુરૂવાર બપોરે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં ડીડીઓએ પોતાની ચેમ્બરમાં બોલાવતા ત્યાં ગયા ત્યારે ૩ વ્યકિત બેસેલ હતી અને વિડીયો સાથે ઓફિસને કામગીરી બાબતે મીરાબેન ચર્ચા કરતા હતા. આ દરમ્યાન આ ત્રણેય વ્યક્તિએ ઉગ્ર થઈને જિલ્લા વિકાસ અધિકારી સાથે બોલાચાલી શરૂ કરી હતી. અને પોતાના મોબાઈલ ફોનમાં રેકોર્ડિંગ શરૂ કરતા ડીડીઓએ તેઓને બહાર બેસવાનું જણાવી અને અમારે ઓફિસને લગતું કામ હોય અમો તમને થોડીવારમાં બોલાવીએ છીએ તેમ કહેતા આ આ લોકો ફરીથી ઉગ્ર થઈ અને ઊંચા અવાજે બોલવા લાગ્યા હતા અને બાદમાં પોતાના મોબાઈલ ફોનમાં રેકોર્ડિંગ ચાલુ રાખી ચેમ્બર બહાર જતા રહ્યા હતા. આ ૩ શખ્સ પૈકી કેશોદ તાલુકાના મોટી ધંસારી ગામના મુકેશ મકવાણાએ પોતાના ગામમાં સરકારી કામમાં ભ્રષ્ટાચાર થયેલ રજૂઆત કરવા ખુંભડી ગામના સતીશ પારઘી અને મોટી કંસારીના રાહુલ માકડીયા સાથે આવી ત્રણેયે ડીડીઓ સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરી ઉગ્ર બોલાચાલી કરવાની સાથે ફરજમાં રૂકાવટ કરી મુકેશ મકવાણા તેના મોબાઈલ ફોનમાં વિડિયો રેકોર્ડિંગ કરી સોશિયલ મીડિયામાં લાઈવ કર્યાની ફરિયાદ ડેપ્યુટી ડીડીઓ મીરાબેન સોમપુરાએ કરતા પોલીસે આ શખ્સો સામે ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી.

# રફાળા ગામે મેલી વિદ્યાની શંકા રાખી વૃધ્ધ ભુવાને માર મારી ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

બાંટવા વિસ્તારમાં એક ચકચારી બનાવમાં મેલી વિદ્યાની શંકા રાખી વૃધ્ધ ભુવાને એક શખ્સે માર મારી ધમકી દીધી હોવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો હતો.

માણાવદર તાલુકાના બાટવા પાસે આવેલ રફાળા ગામે રહેતા કરસનભાઈ રાયમલભાઈ કાનગડ (ઉ.વ.૬૦) નામનાં વૃદ્ધ ખોડીયાર માતાજીના ભુવા છે. પરંતુ તેમના જ ગામના રામભાઈ કારાભાઈ મૈયડનો નાનો ભાઈ મયુર માનસિક અસ્થિર થઈ ગયો હોય જેથી રામભાઈએ કરસનભાઈ ઉપર મેલીવિદ્યાની શંકા કરી અને તે બાબતનું મનદુઃખ રાખી ઢીકાપાટુનો તેમજ પાવડાના હાથા વડે માર મારી ઈજા પહોંચાડી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાની અને પરિવારજનોને ગાળો કાઢી હોવાની ફરિયાદ વૃદ્ધ ભુવાએ કરતા પોલીસે રામભાઈ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

# ચોરવાડમાં ઉધાર આપવાની ના પાડતા વેપારીને માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

ચોરવાડમાં ઉધાર આપવાની ના પાડતા મારમાર્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. માળીયાના ચોરવાડમાં બંદર મસ્જિદ પાસે પાન બીડી અને અનાજ કરિયાણાની દુકાન ધરાવતા સબીરભાઈ કાદરભાઈ ઢોકી પાસે આવી મછીયારાવાસમાં રહેતા જુમાભાઈ હુસેનભાઈ ઢોકીએ આવી માલ ઉધાર આપવાનું કહેતા જેની વેપારીએ ના પાડતા આ શખ્સે ઉશ્કેરાઈ જઈને ઢીકાપાટુનો માર માર્યો હોવાની ફરિયાદ થતા ચોરવાડ પોલીસે તપાસ હાથ ધરી હતી.

# સોમનાથ-જબલપુર એક્સપ્રેસ ટ્રેનનો બ્લોકનાં કામનાં કારણે રૂટ બદલાયો




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

વેસ્ટ સેન્ટ્રલ રેલવે જબલપુર ડિવિઝનના માલખેડી અને મહાદેવખેડી સ્ટેશન વચ્ચે એન્જિનિયરિંગના કામ માટે લેવાયેલા બ્લોકને કારણે પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝનના વેરાવળ સ્ટેશનથી ચાલવાવાળી સોમનાથ-જબલપુર એક્સપ્રેસ ટ્રેન (૧૧૪૬૫) અને જબલપુરથી ચાલતી જબલપુર-સોમનાથ એક્સપ્રેસ ટ્રેન (૧૧૪૬૬) ડાયવર્ટ કરેલા રૂટ ઉપર ચાલશે. ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમ માશૂક અહમદે જણાવ્યું કે, વેરાવળ સ્ટેશનથી તારીખ ૧૫, ૧૭, ૨૨, ૨૪, ૨૯ જૂન, તારીખ ૧, ૬ અને ૮ જુલાઈના રોજ સોમનાથ-જબલપુર એક્સપ્રેસ ટ્રેન (૧૧૪૬૫) તેના નિર્ધારિત રૂટ ભોપાલ-બીના જંકશન - કટની મુરવારા-જબલપુરને બદલે ડાયવર્ટ રૂટ ભોપાલ-ઈટારસી જંકશન-જબલપુર થઈને ચાલશે. ઉપરાંત જબલપુરથી તારીખ ૨૪, ૨૮ જૂન, ૧, ૫ અને ૮ જુલાઈના રોજ ચાલતી જબલપુર-સોમનાથ એક્સપ્રેસ ટ્રેન (૧૧૪૬૬) તેના નિર્ધારિત રૂટ જબલપુર- કટની મુરવારા-બીના જંકશન- ભોપાલને બદલે ડાયવર્ટેડ રૂટ જબલપુર-ઈટારસી જંકશન-ભોપાલ થઈને ચાલશે. રેલ્વે મુસાફરો આ ટ્રેનના ઓપરેટિંગ સમય અને સ્ટોપેજને લગતી તમામ માહિતી વેબસાઈટ www. enquiry. indianrail. gov.in ઉપરથી જાણી શકશે.

# બામણાસા ઘેડ ગામે આધેડે ગળાફાંસો ખાતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

બામણાસા ઘેડના આધેડે ગળાફાંસો ખાઈને જીંદગી ટુંકાવી લેતા પોલીસે તપાસ હાથ ધરી હતી. કેશોદ તાલુકાના બામણાસા ઘેડ ગામે રહેતા અરશીભાઈ મૂળુભાઈ કરંગીયા (ઉ.વ.૫૬)એ બુધવારની સાંજે પોતાના ઘરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ અંગેની જાણ મૃતકના કેશોદ ખાતે રહેતા પુત્ર પીઠાભાઈ કરંગીયાએ કરતા પોલીસે દોડી જઈને આગળની કાર્યવાહી કરી આત્મહત્યા પાછળનું કારણ મેળવવા વધુ તપાસ હાથ ધરી હતી.

# ગાઠીલા : ઈન્ડસ કંપનીનો મોબાઈલ ટાવરમાંથી રૂા. ૪૮ હજારનાં સેલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૪ : ગાઠીલા ગામમાં આવેલ ઈન્ડસ કંપનીનો મોબાઈલ ટાવરનાં ગ્રાઉન્ડમાં આવેલ સેન્ટર રૂમમાંથી અમરા રાજા કંપનીનાં બેટરી બેંકના સેલ નંગ ૨૪ કિંમત રૂા. ૪૮૦૦૦ની કોઈ ચોરી કરી ગયાની ફરીયાદ સીકયોરીટી ગાર્ડ સુલતાનભાઈ ચૌહાણે કરતાં વંથલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# માણાવદરમાં આધેડે ઝેરી દવા પી લેતા મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૪

ઝેરી દવા પી લેતા માણાવદરના આધેડનું જૂનાગઢ ખાતે સારવારમાં મૃત્યું થયું હતું. આ અંગેની મળતી વિગત મુજબ માણાવદરમાં રઘુવીરપરા પાસે આવેલ જિનિંગની બાજુમાં રહેતા સિદવરાજસિંહ અખુભા જાડેજા(ઉ.વ.૫૫)એ ૫ જૂનના રોજ સવારે ઝેરી દવા ગટગટાવી લેતા જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમણે અંતિમ શ્વાસ લઈ લેતા પોલીસે આપઘાતનું કારણ મેળવવા તપાસ હાથ ધરી હતી.

